મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# સદ્દૃષ્ટિ-બત્રીશી

## એક-પરિશીલન

૨૪

સંકલન

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.


: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજા-
વિરચિત 'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાન્તર્ગત

# સદ્દષ્ટિ બત્રીશી-એક પરિશીલન

## (૨૪)

: પરિશીલન :

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ. મ.સા. ના
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.

: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન શ્રેયસ ટ્રસ્ટ**

: આર્થિક સહકાર :

**એક સદ્ગૃહસ્થ - (ગોરેગામ-મુંબઈ)**

# સદ્દષ્ટિ બત્રીશી-એક પરિશીલન - ૨૪

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૧
નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ,
પં. સોલીસીટર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૭.

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' કબુતરખાનાની સામે,
છાપરીયા શેરી, મહીધરપુરા, સુરત - ૩૯૫૦૦૩

: આર્થિક સહકાર :
**એક સદ્ગૃહસ્થ - (ગોરેગામ-મુંબઈ)**

: મુદ્રણ વ્યવસ્થા :
સન ગ્રાફિક્સ (સમીવાળા)
૫૭/૬૧, ગુલાલવાડી, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૪૬ ૮૬૪૧

પરિશીલનની પૂર્વે...

આ પૂર્વેની બત્રીશીમાં અવેદ્યસંવેદ્યપદના જયથી કુતર્કની નિવૃત્તિ થાય છે : એ જણાવ્યું છે. કુતર્કનિવૃત્તિથી સ્થિરાદિ છેલ્લી ચાર દૃષ્ટિઓની પ્રાપ્તિ થાય છે. એ ચાર સદ્દૃષ્ટિઓનું અહીં વર્ણન કર્યું છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય'ના આધારે ખૂબ જ સંક્ષેપથી વર્ણવેલું એ સ્વરૂપ ખૂબ જ ધ્યાનથી સમજી લેવું જોઈએ.

સૂક્ષ્મ બોધને લઈને વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિના કારણે સદ્દૃષ્ટિઓની પ્રાપ્તિ થાય છે. પહેલા સાત શ્લોકોથી સ્થિરાદૃષ્ટિનું વર્ણન કરાયું છે. રત્નપ્રભાજેવો અહીં બોધ હોય છે. પ્રત્યાહારસ્વરૂપ યોગનું અંગ હોય છે. ભ્રમાત્મક દોષનો અભાવ હોય છે અને સૂક્ષ્મબોધસ્વરૂપ ગુણની અહીં પ્રાપ્તિ થતી હોય છે. અન્યદર્શનાનુસાર ઈન્દ્રિયોના પ્રત્યાહારનું વર્ણન અહીં વિસ્તારથી કરાયું છે. વિષયોના વિકારથી રહિત એવી ઈન્દ્રિયોની અવસ્થાવિશેષ ઈન્દ્રિયોનો પ્રત્યાહાર છે. સમગ્ર ભવચેષ્ટા અહીં લજ્જા માટે થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્મ-તત્ત્વને છોડીને અન્ય સઘળું ય ઉપપ્લવ સ્વરૂપ જણાય છે. સર્પની ફણાના વિસ્તાર જેવો ઈન્દ્રિય અને પદાર્થ (વિષય) જન્ય સુખનો સંબંધ જણાય છે. તેથી આત્મધર્મથી ભિન્ન એવા પુણ્ય અને પાપના ફળમાં કોઈ ફરક જ જણાતો નથી. આ એક અદ્ભુત સિદ્ધિ અહીં પ્રાપ્ત થાય છે. ધર્મથી પણ પ્રાપ્ત થયેલા પાંચે ઈન્દ્રિયના વિષયોનો ભોગ ચંદનના કાષ્ઠથી ઉત્પન્ન થયેલા અગ્નિની જેમ અનર્થભૂત લાગે છે... ઈત્યાદિનું ખૂબ જ સ્પષ્ટ વર્ણન છે.

શ્લોક નં. આઠથી સોળ સુધીના શ્લોકો દ્વારા કાંતાદૃષ્ટિનું વર્ણન અહીં કરાયું છે. તારાની આભા જેવો અહીં બોધ હોય છે. યોગાઙ્ગ ધારણાની અહીં પ્રાપ્તિ થાય છે. અન્યમુદ્ નામનો દોષ આ દૃષ્ટિમાં હોતો નથી અને મીમાંસા નામના ગુણનો અહીં આવિર્ભાવ થાય છે. શરીરના કોઈ એક દેશાદિને વિશે જે ચિત્તની એકાગ્રતા છે, તેને ધારણા કહેવાય છે. ચિત્તની સ્થિરતાનો અહીં પ્રકર્ષ હોવાથી ધ્યેયાતિરિક્ત

વિષયનો અહીં પ્રતિભાસ જ ન હોવાના કારણે અન્યમુદ્ નામનો દોષ નથી રહેતો. વિશિષ્ટ કોટિનો બોધ હોવાથી શ્રુતધર્મમાં જ મન લીન હોય છે. વિષયોપભોગની પ્રવૃત્તિ તેથી ભવનું કારણ બનતી નથી. ભોગોને અતાત્ત્વિક માનતા હોવાથી મોક્ષમાર્ગની સાધનામાં કોઈ અન્તરાય નડતો નથી. આથી જ બળવાળી ધર્મશક્તિને ભોગશક્તિ હણતી નથી... ઈત્યાદિ વિષયનું વર્ણન અહીં સરસ છે. અંતે સદસદ્‌ની વિચારણા સ્વરૂપ મીમાંસા હોવાથી કાંતાદષ્ટિમાં અસમંજસ એવી પ્રવૃત્તિ હોતી નથી-એ જણાવીને આ દષ્ટિની એક અદ્‌ભુત સિદ્ધિ દર્શાવી છે. અજ્ઞાનના કારણે થનારી અસમંજસ પ્રવૃત્તિના નાશ માટે જ્ઞાન વિના બીજો કોઈ જ ઉપાય નથી.

યોગાંગ ધ્યાનના સારવાળી અને રુગ્ નામના દોષથી રહિત એવી સાતમી પ્રભાદષ્ટિનું વર્ણન સત્તરમા શ્લોકથી પચ્ચીસમા શ્લોક સુધીના નવ શ્લોકોથી કરાયું છે. મુખ્યપણે સત્પ્રવૃત્તિપદ સ્વરૂપ અસઙ્ગાનુષ્ઠાનનો અહીં અચિન્ત્ય પ્રભાવ છે. આ અસઙ્ગાનુષ્ઠાનને પ્રશાંતવાહિતા વિસભાગપરિક્ષય... ઈત્યાદિ સ્વરૂપે અન્યદાર્શનિકો જે રીતે સ્વીકારે છે તેનું વર્ણન પણ અહીં કર્યું છે, જે ખૂબ જ સ્વસ્થચિત્તે વિચારવાજેવું છે.

છેલ્લા સાત શ્લોકોથી પરા નામની આઠમી દષ્ટિનું નિરૂપણ છે. આસઙ્ગદોષથી રહિત અને સમાધિપૂર્ણ આ દષ્ટિની વિશેષતા નિરાચાર-પદને લઈને છે... ઈત્યાદિ વિષયોનું નિરૂપણ પરિશીલનીય છે. અંતે આ બત્રીશીનું પરિશીલન કરી આપણે સૌ પરમાનંદમંદિરે પ્રયાણ કરવા સમર્થ બનીએ એ જ એકની એક શુભાભિલાષા...

મલાડ - રત્નપુરી
કા.વ. ૫ : ગુરુવાર

**આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

## अथ सद्दृष्टिद्वात्रिंशिका प्रारभ्यते ।

આ પૂર્વે અવેદ્યપદને જીતવાથી કુતર્કગ્રહની નિવૃત્તિ થાય છે-એ જણાવ્યું અને તેથી કુતર્કગ્રહની નિવૃત્તિ જ કરવી જોઈએ : એમ જણાવ્યું. હવે તેના ફળસ્વરૂપે પ્રાપ્ત થનારી સદ્દષ્ટિઓનું વર્ણન કરાય છે-

**प्रत्याहारः स्थिरायां स्याद्, दर्शनं नित्यमभ्रमम् ।**
**तथा निरतिचारायां, सूक्ष्मबोधसमन्वितम् ॥२४-१॥**

"સ્થિરાદષ્ટિમાં પ્રત્યાહાર પ્રાપ્ત થાય છે. નિરતિચાર સ્થિરાદષ્ટિમાં અપ્રતિપાતી દર્શન હોય છે અને તે ભ્રમથી *રહિત તેમ જ સૂક્ષ્મ બોધથી યુક્ત હોય છે.*"-આ પ્રમાણે પહેલા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે પાંચમી સ્થિરાદષ્ટિમાં યોગનાં આઠ અઙ્ગમાંના પાંચમા પ્રત્યાહાર નામના અઙ્ગની પ્રાપ્તિ થાય છે, જેનું સ્વરૂપ હવે પછીના શ્લોકથી જણાવાય છે.

નિરતિચાર આ સ્થિરાદષ્ટિમાં દર્શન(બોધ) નિત્ય અર્થાદ્ અપ્રતિપાતી હોય છે. સાતિચાર આ દષ્ટિમાં તેવા પ્રકારના અતિચારના સદ્ભાવના કારણે એ બોધ અનવબોધ જેવો પણ હોય છે. આંખના પડલના ઉપદ્રવ(તકલીફ) જેમના નાશ પામ્યા છે; એવા લોકોનો એ ઉપદ્રવ ફરી પાછો પ્રકોપ પામે તો તે લોકોની નજરમાં જેમ ફરક પડે છે; તેમ અહીં પણ અતિચાર(શઙ્કા કાંક્ષા વિતિગિચ્છાદિ)ના કારણે બોધ, અનવબોધજેવો બને છે. રત્નની પ્રભાને જેમ

ધૂળનો ઉપદ્રવ લાગવાથી તે મલિન થાય છે, તેમ અહીં અતિચારના કારણે બોધમાં માલિન્ય આવે છે. આ બોધ-દર્શન ભ્રમ-ભ્રાન્તિરહિત હોય છે. કારણ કે ખેદ ઉદ્વેગ ક્ષેપ વગેરે યોગબાધક દોષોમાંથી ભ્રાન્તિ નામનો પાંચમો દોષ આ દૃષ્ટિમાં હોતો નથી અને આ દૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થતી હોવાથી સૂક્ષ્મબોધ પણ પ્રાપ્ત થાય છે. તેથી આ દૃષ્ટિમાં સૂક્ષ્મબોધથી યુક્ત દર્શન હોય છે...ઈત્યાદિ બરાબર સમજી લેવું. ॥૨૪-૧॥

***

આ દૃષ્ટિમાં પ્રાપ્ત એવા પ્રત્યાહારનું નિરૂપણ કરાય છે-

**विषयासम्प्रयोगेऽन्तःस्वरूपानुकृतिः किल ।**
**प्रत्याहारो हृषीकाणामेतदायत्ततफलः ॥२४-२॥**

''વિષયોના અસમ્પ્રયોગમાં(વિષયોના ગ્રહણમાં તત્પરતાના અભાવમાં) ઈન્દ્રિયોના; ચિત્તસ્વરૂપને ધારણ કરવા સ્વરૂપ ઈન્દ્રિયોનો પ્રત્યાહાર છે, જેનું ફળ ઈન્દ્રિયોની સ્વાયત્તતા (સ્વાધીનતા) છે.''-આ પ્રમાણે બીજા શ્લોકનો સામાન્યાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે યોગનાં આઠ યમાદિ અઙ્ગોમાં પ્રત્યાહાર પાંચમું અઙ્ગ છે. એની પૂર્વેનું ચોથું અઙ્ગ પ્રાણાયામ છે. પ્રાણાયામથી યોગીનું ચિત્ત નિરુદ્ધ-સ્થિર બને છે. એવું ચિત્ત વિષયને ગ્રહણ કરતું નથી. તેથી ચિત્તને અનુસરનારી ઈન્દ્રિયો પણ વિષયોનું ગ્રહણ કરતી

નથી. ઈન્દ્રિયોનો સ્વભાવ ચિત્તને અનુસરવાનો છે. એને લઈને તે સ્વયં વિષયગ્રહણમાં પ્રવર્ત્તતી નથી. પ્રાણાયામના કારણે ચિત્ત નિરુદ્ધ થવાથી તેનો વિષયની સાથે સમ્પ્રયોગ થતો નથી. તેથી વિષયોની સાથે ઈન્દ્રિયોનો પણ સમ્પ્રયોગ થતો નથી.

આથી સમજી શકાશે કે; વિષય રૂપ રસ વગેરે ચક્ષુ... વગેરેથી ગ્રાહ્ય હોવા છતાં ચક્ષુરાદિ ઈન્દ્રિયો વિષય-ગ્રહણમાં જ્યારે અભિમુખતા(તત્પરતા)નો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં જ અવસ્થિત હોય છે; ત્યારે ચિત્તના નિરોધથી નિરુધ્ય(ચિત્ત)ની જે સંપત્તિ(પ્રાપ્તિ) અર્થાત્ ચિત્તસ્વરૂપજેવી અવસ્થા પ્રાપ્ત થાય છે; તે અવસ્થાવિશેષ જ ઈન્દ્રિયોનો પ્રત્યાહાર છે. પાતઞ્જલયોગસૂત્રમાં(૨-૫૪માં) પણ પ્રત્યાહારનું સ્વરૂપ વર્ણવતાં જણાવ્યું છે કે- ''ઈન્દ્રિયોનો પોતપોતાના વિષયમાં અસમ્પ્રયોગ (સન્નિ-કર્ષનો અભાવ) હોતે છતે નિરુદ્ધ ચિત્તના જેવી ઈન્દ્રિયોની જે અવસ્થા છે તેને ઈન્દ્રિયોનો પ્રત્યાહાર કહેવાય છે. આ પ્રત્યાહારથી ઈન્દ્રિયો વશ થાય છે. અર્થાદ્ આપણને ઈન્દ્રિયો આધીન બને છે. પ્રત્યાહારના અભ્યાસથી યોગીને એવી રીતે ઈન્દ્રિયો આધીન બને છે કે જેથી બાહ્ય વિષયો તરફ ઈન્દ્રિયોને લઈ જવામાં આવે તોપણ બાહ્યવિષયોને અભિમુખ ઈન્દ્રિયો જતી નથી. પાતઞ્જલયોગસૂત્રમાં(૨-૫૫) એ પ્રમાણે જણાવ્યું છે કે-ઉપર જણાવેલા પ્રત્યાહારથી ઈન્દ્રિયોની પરમવશ્યતા-સ્વાધીનતા પ્રાપ્ત થાય છે. યોગી-

જનને ઈન્દ્રિયો સ્વાધીન હોય છે. ગમે તેવા સારા પણ વિષયો હોય તોય યોગીઓની ઈન્દ્રિયો યોગીજનોની ઈચ્છા હોય તો જ વિષયગ્રહણમાં પ્રવર્ત્તતી હોય છે. સ્થિરાદષ્ટિની આ એક અદ્‌ભુત સિદ્ધિ છે. ગ્રંથકાર પરમર્ષિએ સ્થિરાદષ્ટિની સજ્ઝાયમાં આ પ્રત્યાહારનું વર્ણન કરતી વખતે ફરમાવેલ 'વિષયવિકારે ન ઈન્દ્રિય જોડે તે ઈહાં પ્રત્યાહારો રે' આ પઙ્ક્તિ નિરંતર સ્મરણીય છે. અત્યંત સંક્ષેપમાં વર્ણવેલું પ્રત્યાહારનું સ્વરૂપ ખૂબ જ સ્પષ્ટપણે સમજી શકાય છે. ॥૨૪-૨॥

***

પ્રત્યાહારથી પ્રાપ્ત થનારા ફળને વર્ણવાય છે-

**अतो ग्रंथिविभेदेन, विवेकोपेतचेतसाम् ।**
**त्रपायै भवचेष्टा स्याद्, बालक्रीडोपमाखिला** ॥२४-३॥

''આ પ્રત્યાહારથી ગ્રંથિભેદ થવાના કારણે વિવેકયુક્ત ચિત્તવાળા આત્માઓ માટે સમગ્ર ભવચેષ્ટા બાળકોની ધૂલીક્રીડાની જેમ લજ્જાનું કારણ બને છે.''-આ પ્રમાણે ત્રીજા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે આ સ્થિરાદષ્ટિમાં ઈન્દ્રિયોનો પ્રત્યાહાર પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી વિષયો તરફ ખેંચાતું મન, આ પૂર્વે પ્રાણાયામથી સ્થિર બને છે; જેથી વિષયગ્રહણમાં પહેલાંની જેમ પ્રવર્ત્તતું નથી. તેથી મનને આધીન બની સારાનરસા વિષયોને ગ્રહણ કરવાદિમાં પ્રવર્ત્તતી ઈન્દ્રિયો પણ હવે આ

પ્રત્યાહારના કારણે વિષયાભિમુખ બનતી નથી. આ રીતે સુખ-દુ:ખાદિની પ્રત્યેની તીવ્ર રાગ-દ્વેષાદિની પરિણતિ અત્યંત મંદ પડે છે, જે ગ્રંથિ(તીવ્ર રાગાદિનો પરિણામ)ના ભેદનું મુખ્ય કારણ છે.

ગ્રંથિભેદ થવાથી યોગીનું ચિત્ત વિવેકી બને છે. અત્યાર સુધી ઈન્દ્રિયોની વિષયગ્રહણની પ્રવૃત્તિ ઉપાદેય જણાતી હતી. પરંતુ હવે હેયોપાદેયનો વિવેક પ્રાપ્ત થવાથી તે હેય જણાય છે. બાળકોની ધૂળમાં રમવાની ક્રિયા જેમ અસાર તુચ્છ અને નિરર્થક જણાય છે, તેમ ચક્રવર્ત્યાદિના સુખ ભોગવવાની પણ ભવચેષ્ટા અસાર તુચ્છ નિરર્થક અને મહાપાયનું કારણ જણાય છે. એ ક્રીડા કરતી વખતે સ્વભાવથી જ તે અસુંદર અને અસ્થિર(ક્ષણસ્થાયિની) હોવાથી(જણાતી હોવાથી) આ દૃષ્ટિમાં લજ્જાનું કારણ લાગે છે. એવી ક્રીડા, કર્મયોગે કરવી પડતી હોવા છતાં તે વખતે લજ્જા અનુભવાય છે... ઈત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું. સૂક્ષ્મબોધ અને ઈન્દ્રિયોનો પ્રત્યાહાર આ બેનો સુમેળ આ સ્થિરાદૃષ્ટિમાં જોવા મળે છે. સૂક્ષ્મબોધનું અપ્રતિમ સામર્થ્ય ઈન્દ્રિયોને વિષયવિકારથી દૂર રાખે છે- એ સમજી શકાય છે. ॥૨૪-૩॥

***

સ્થિરાદૃષ્ટિમાં મુમુક્ષુ આત્માઓ શરીર ઘર ધન વગેરે બાહ્યભાવોને મૃગજળ, આકાશમાં રહેલા ગંધર્વનગરાદિ અને

સ્વપ્ન વગેરેની જેમ અતાત્ત્વિક જુએ છે. સૂક્ષ્મ બોધના કારણે બાહ્ય ભાવોને અસાર તુચ્છ અને હેય વગેરે સ્વરૂપે જાણીને તેને અતાત્ત્વિક માને છે. સમ્યગ્રૂપે પરિણામ પામેલા જ્ઞાનથી બાહ્યભાવો અવાસ્તવિક છે-એ સમજાય છે. આ રીતે બાહ્યભાવો જો અતાત્ત્વિક છે તો સ્થિરાદૃષ્ટિમાં તાત્ત્વિક શું છે ?-એવી જિજ્ઞાસામાં તત્ત્વ જણાવાય છે-

**तत्त्वमत्र परंज्योतिर्ज्ञस्वभावैकमूर्त्तिकम् ।**
**विकल्पतल्पमारूढः, शेषः पुनरुपप्लवः ॥२४-४॥**

"જ્ઞસ્વભાવસ્વરૂપ પરમજ્યોતિરૂપ આત્મતત્ત્વ, આ દૃષ્ટિમાં પારમાર્થિક રૂપે જણાય છે. બીજો બધો, વિકલ્પમાં-(વિકલ્પાત્મક તલ્પ-શય્યામાં) આરૂઢ ઉપપ્લવ (ભ્રમ) છે."-આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આત્માનો જ્ઞસ્વભાવ(જાણવાનો સ્વભાવ) છે, તે સ્વરૂપ જ આત્મતત્ત્વ છે. પરમજ્યોતિસ્વરૂપ આત્મતત્ત્વ-(જ્ઞાનસ્વરૂપ) જ પારમાર્થિક તત્ત્વ છે. આત્માના જ્ઞાન દર્શન... વગેરે ગુણોમાં જે ભેદ છે તે વ્યવહારનયને આશ્રયીને છે. વસ્તુતઃ નિશ્ચયનયના અભિપ્રાયે પરમ-જ્યોતિસ્વરૂપ આત્મતત્ત્વ(જ્ઞાતાસ્વભાવ) પરમાર્થથી સત્ છે.

એ રૂપને છોડીને બાકી બધો ભવપ્રપઞ્ચ વિકલ્પાત્મક શય્યારૂઢ હોવાથી ભ્રમ છે. કારણ કે તેમાં જેવું જણાય છે તેવું સ્વરૂપ નથી. મનના વિકલ્પથી કલ્પેલું સારું-નરસું

અને ઈષ્ટ-અનિષ્ટ... વગેરે સ્વરૂપ પારમાર્થિક નથી. પરંતુ મનઃકલ્પિત છે. ॥૨૪-૪॥

***

સ્થિરાદષ્ટિમાં પરમજ્યોતિસ્વરૂપ આત્મતત્ત્વને છોડીને બાકીનો બધો ભવપ્રપઞ્ચ ઉપપ્લવસ્વરૂપ ભાસે છે... એ જણાવીને તદન્તર્ગત ભોગની ભયંકરતા હવે જણાવાય છે-

**भवभोगिफणाभोगो, भोगोऽस्यामवभासते ।**
**फलं ह्यनात्मधर्मत्वात्, तुल्यं यत्पुण्यपापयोः ॥२४-५॥**

"આશય એ છે કે અનાદિકાળની સંસારસુખની આસક્તિને લઈને ભવપ્રપઞ્ચ અત્યાર સુધી તત્ત્વસ્વરૂપ જણાતો હતો. એમાં પણ અત્યાર સુધીની અજ્ઞાનદશા મુખ્ય કારણ હતી. સ્થિરાદષ્ટિમાં સૂક્ષ્મબોધ પ્રાપ્ત થવાથી એ અજ્ઞાનદશાનો વિગમ થાય છે. તેથી સમગ્ર ભવપ્રપઞ્ચ ઉપપ્લવસ્વરૂપ જણાય છે. એ ભવપ્રપઞ્ચના મૂળભૂત ભોગનું સ્વરૂપ આ દષ્ટિમાં જેવું જણાય છે તે જણાવવા આ પાંચમો શ્લોક છે. જેનો અક્ષરાર્થ "આ સ્થિરાદષ્ટિમાં વિષયોનો ભોગ, સંસારસ્વરૂપ સર્પની ફણાના વિસ્તાર જેવો ભયઙ્કર ભાસે છે. કારણ કે આત્માનો ધર્મ ન હોવાથી પુણ્ય અને પાપનું ફળ સમાન જ છે."-આ પ્રમાણે છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે ઈન્દ્રિયોના વિષય રૂપાદિ-જન્ય સુખોનો સંબંધ થવા સ્વરૂપ સુખનો ભોગ

છે. અત્યાર સુધી અત્યંત સુંદર જણાતો એ વિષયજન્યસુખનો ભોગ આ દષ્ટિમાં પ્રાપ્ત થયેલા સૂક્ષ્મબોધાદિના કારણે ભવસ્વરૂપ સર્પની ફણાના વિસ્તારની જેમ ભયઙ્કર ભાસે છે. કારણ કે વિષયજન્ય સુખોનો ઉપભોગ ઘણાં જ દુઃખોનું કારણ છે. પ્રાણીઓને દુઃખ પહોંચાડ્યા વિના ઈન્દ્રિયાર્થ-સુખનો ભોગ શક્ય જ નથી. તેથી તેના ભોગથી પાપનો બંધ થાય છે અને તેના કારણે ભયઙ્કર દુઃખોની પરંપરા પ્રાપ્ત થાય છે.

યદ્યપિ ધર્મથી પુણ્ય બંધાય છે અને તેથી સુખની પ્રાપ્તિ થાય છે. આ રીતે ધર્મથી પ્રાપ્ત થયેલા સુખભોગથી દુઃખ પ્રાપ્ત થતું નથી; પરંતુ પુણ્ય અને પાપ : બંન્નેનું ફળ (સુખ અને દુઃખ... વગેરે) આત્માનો ધર્મ ન હોવાથી સમાન જ છે. વ્યવહારથી સુશીલત્વ(સુંદરશીલ) અને કુશીલત્વના કારણે પુણ્ય અને પાપમાં ભિન્નતા હોવા છતાં નિશ્ચયથી તો પુણ્ય અને પાપ બંન્ને સંસારમાં જ પ્રવેશ કરાવનારાં હોવાથી એકસરખાં જ છે. કારણ કે બંન્નેમાં સંસારપ્રવેશકત્વસ્વરૂપ કુશીલત્વ સમાન જ છે. આશય સમજી શકાય છે કે જે સંસારપ્રાપક છે, તેમાં કુશીલત્વ મનાય છે અને જે સંસારમોચક છે, તેમાં સુશીલત્વ મનાય છે-એ પ્રમાણે નિશ્ચયનયનો અભિપ્રાય છે. વ્યવહારનયથી તો લૌકિક-વ્યવહારને અનુસરી સુશીલત્વાદિને લઈને પુણ્ય અને પાપમાં તુલ્યતા નથી. ॥૨૪-૫॥

***

ધર્મથી ઉત્પન્ન થયેલા ભોગોને અસુંદર નહિ માનવા જોઈએ. કારણ કે ધર્મથી તે પ્રાપ્ત થયેલો હોવાથી સુંદર છે- આ શંકાનું સમાધાન કરાય છે-

**धर्मादपि भवन् भोगः, प्रायोऽनर्थाय देहिनाम् ।**
**चन्दनादपि सम्भूतो, दहत्येव हुताशनः ॥२४-६॥**

"ધર્મના કારણે પણ દેવલોકાદિમાં પ્રાપ્ત થયેલા ભોગો (ઈન્દ્રિયાર્થસુખભોગો) બહુલતયા પ્રાણીઓને અનર્થ માટે થાય છે. ચંદનથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે છે જ."-આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ધર્મથી પણ પ્રાપ્ત થયેલ ઈન્દ્રિયાર્થવિષય-સુખનો ભોગ અનર્થ માટે થાય છે. ધર્મની આરાધનાથી બંધાયેલા પુણ્યયોગે દેવલોકાદિમાં આત્માને વિષયજન્ય સુખોના ઉપભોગની પ્રાપ્તિ થાય છે. પરંતુ તે વખતે તેવા પ્રકારનો પ્રમાદ કરવાથી બહુલતયા આત્માને અનર્થની પ્રાપ્તિ થાય છે.

શ્લોકમાં '**प्रायोऽनर्थाय**' અહીં જે '**प्रायस्**' પદનું ઉપાદાન કર્યું છે, તેનું કારણ એ છે કે કોઈ વાર શુદ્ધધર્મને પ્રાપ્ત કરાવનાર ભોગો તેવા પ્રકારના પ્રમાદનું કારણ બનતા નથી. તેથી તેના નિવારણ માટે '**प्रायस्**' પદનું ઉપાદાન કર્યું છે. અત્યંત અનવદ્ય (ચોક્કસ જ મોક્ષમાં અબાધક) એવા શ્રીતીર્થંકરપદની પ્રાપ્તિ સ્વરૂપ ફળની સિદ્ધિ થવાથી તેવા પ્રકારના પુણ્યની શુદ્ધિના વિષયમાં આગમનો પક્ષપાત

કરવાથી ધર્મ જ જેમાં સારભૂત છે એવા ચિત્તની ઉપપત્તિ થાય છે. પુણ્ય અને શુદ્ધિને ઉદ્દેશીને આગમમૂલક ક્રિયાનો આગ્રહ રાખવાથી ચિત્તમાં ધર્મનું જ પ્રાધાન્ય રહે છે. ત્યાં ભોગસુખનું પ્રાધાન્ય રહેતું નથી. જેથી તે ધર્મથી પ્રાપ્ત થયેલા ભોગો મોક્ષબાધક બનતા નથી. બાકી તો ધર્મથી પણ પ્રાપ્ત થયેલા ભોગો પ્રાણીઓને અનર્થ માટે જ થાય છે. આ વાતને દૃષ્ટાંતથી સમજાવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવ્યું છે કે ચંદનથી પણ અર્થાત્ સ્વભાવથી જ તેવા પ્રકારના શીતસ્વભાવવાળા ચંદનથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે છે જ. કારણ કે અગ્નિનો દાહક સ્વભાવ છે. એ દાહક સ્વભાવની પરાવૃત્તિ(ફેરફાર) શક્ય બનતી નથી. કોઈ વાર મંત્રાદિથી અધિષ્ઠિત અગ્નિ નથી પણ બાળતો- આ વાત સર્વલોકપ્રસિદ્ધ છે. આ પ્રમાણે પૂર્વાચાર્યભગવંતો જણાવે છે-એ યુક્ત છે. કારણ કે જે અંશમાં જ્ઞાનાદિ છે તે અંશે નિશ્ચયનયની અપેક્ષાએ બંધન નથી. જેટલા અંશમાં પ્રમાદાદિ છે તેટલા અંશે બંધન છે જ.

આથી સમજી શકાશે કે શ્રી તીર્થંકરનામકર્મ અને આહારકશરીરનામકર્મ વગેરેના બંધના કારણ તરીકે અનુક્રમે સમ્યક્ત્વ અને સંયમ(સર્વવિરતિ) વગેરેને જે વર્ણવાય છે, તે ઉપચારથી જણાવાય છે. શ્રી તીર્થંકર-નામકર્મ વગેરેના બંધના કારણ વસ્તુતઃ સમ્યક્ત્વની સાથે અવશ્ય રહેલા યોગ(મનોયોગાદિ) અને કષાય છે. તેની સાથે નિયમે કરી રહેલા સમ્યક્ત્વાદિમાં તો, તેમાં (યોગાદિમાં) રહેલી તેવા

પ્રકારની (શ્રી તીર્થંકરનામકર્માદિની) બંધકારણતાનો ઉપચાર કરાય છે. આ રીતે સ્પષ્ટપણે સમજી શકાશે કે સ્થિરાદષ્ટિમાં સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થઈ હોવાથી ઈન્દ્રિય અને તેનાથી ગ્રહણ કરાતા વિષયોનો સંબંધ વગેરે બાહ્ય નિમિત્તો કર્મબંધની પ્રત્યે કારણ બનતાં નથી. પરંતુ તે ઉદાસીન જ રહે છે... આથી વિશેષ આ વિષયનું વર્ણન ગ્રંથકાર પરમર્ષિએ વિસ્તારથી અન્યત્ર કર્યું છે. જિજ્ઞાસુએ તે માટે 'અધ્યાત્મસાર' વગેરે ગ્રંથોનું અધ્યયન કરી લેવું જોઈએ. ||૨૪-૬||

***

ઉપર જણાવ્યા મુજબ સ્થિરાદષ્ટિમાં ભોગજન્ય-સુખો અસાર પ્રતીત થાય છે... એ જણાવ્યું; પરંતુ ભોગજન્ય સુખના ઉપભોગથી ભોગેચ્છાની નિવૃત્તિ થાય છે, જે યોગની પ્રાપ્તિનો ઉપાય છે તેથી ભોગને અસાર માનવા જોઈએ નહિ-આ શઙ્કાનું સમાધાન કરાય છે-

**स्कन्धात् स्कन्धान्तरारोपे, भारस्येव न तात्त्विकी ।**
**इच्छाया विरति र्भोगात्, तत्संस्कारानतिक्रमात् ।।२४-७।।**

"ભોગસુખના ઉપભોગથી થનારી ઈચ્છાનિવૃત્તિ, એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર મૂકવાના કારણે થનારી ભારની નિવૃત્તિની જેમ તાત્ત્વિક નથી. કારણ કે ત્યાં ભોગજન્ય સુખના સંસ્કારોનું અતિક્રમણ થયેલું નથી... આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે

કે વિષયોના ભોગથી ઈચ્છાની(વિષયેચ્છાની) નિવૃત્તિ થાય છે, પરંતુ તે તાત્ત્વિક નથી. કારણ કે તે વખતે કર્મબંધના કારણે ઉત્પન્ન થયેલા ભોગના સંસ્કારો (વાસના-આસક્તિ...વગેરે સ્વરૂપ સંસ્કારો) પડેલા જ છે, તે ગયા નથી. તેવા પ્રકારના સંસ્કારો તો ત્યારે જાય છે કે જ્યારે તેનાથી વિપરીત  સંસ્કારોની(ભોગની અસારતાદિની) ભાવનાથી તે સંસ્કારોને અત્યંત મંદ બનાવવામાં આવે. ઈચ્છાનો વિચ્છેદ થવાથી અથવા તો માત્ર સંસ્કારના તિરોધાનથી સંસ્કારનો અતિક્રમ(સર્વથા અપગમ) થતો નથી. સંસ્કારની વિદ્યમાન અવસ્થામાં ભોગથી ભોગની ઈચ્છાની જે વિરતિ-નિવૃત્તિ થાય છે, તે તાત્ત્વિક નથી. એક ખભા ઉપર મુકાયેલા ભારને બીજા ખભા ઉપર મૂકવામાં આવે તેથી ભારનો અપગમ વસ્તુતઃ થતો નથી. સામાન્ય રાહત થયેલી જણાય ખરી, પણ તે વાસ્તવિક નથી. બસ ! આવી જ અવસ્થા ભોગથી થનારી ઈચ્છાનિવૃત્તિની છે.

આ રીતે સ્થિરાદષ્ટિમાં ભોગની અસારતાનું વિભાવન કરવાથી સ્થિરાદષ્ટિમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. એવી સ્થિરતા પ્રાપ્ત થવાથી યોગીને અલૌલ્ય(લોલુપતાનો અભાવ) વગેરે ગુણો પ્રાપ્ત થાય છે-એમ યોગાચાર્યો કહે છે. અલૌલ્ય, આરોગ્ય, અનિષ્ઠુરતા, શુભગંધ, અલ્પમૂત્ર-પુરીષ, કાંતિ, પ્રસાદ અને સ્વરની સૌમ્યતા-આ યોગની પ્રવૃત્તિનાં પ્રથમ ચિહ્નો છે. તે તે વિષયોમાં મૈત્રી વગેરેથી

વાસિત ચિત્ત, પ્રભાવવંતું ચિત્ત, ધૈર્યવાળું ચિત્ત, શીતોષ્ણાદિ દ્વન્દ્વોથી અપરાભવ, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ તેમ જ જનપ્રિયત્વ યોગીઓને હોય છે. દોષોનો વિગમ, પરમ તૃપ્તિ, ઔચિત્યપૂર્ણ વ્યવહાર; શ્રેષ્ઠ કોટિની સમતા; વૈરાદિનો નાશ અને ૠતમ્ભરા પ્રજ્ઞા-આ નિષ્પન્નયોગનાં ચિહ્નો છે-આ પ્રમાણે યોગાચાર્યોએ જણાવ્યું છે.

ઈન્દ્રિયોની ચપળતાને લોલુપતા કહેવાય છે. વિષયોની પાછળ દોડતી ઈન્દ્રિયો વિષયોની લોલુપતાને જણાવે છે. યોગીજનોમાં એવી લોલુપતા હોતી નથી. તેમનું શરીર રોગરહિત હોય છે. મન નિષ્ઠુર હોતું નથી. શરીર સુગંધી હોય છે. લઘુનીતિ અને વડીનીતિ અલ્પ હોય છે. શરીરની કાંતિ અને પ્રસન્નતા સુંદર હોય છે. સ્વરમાં સૌમ્યતા હોય છે. આ બધા ગુણો, યોગીઓના યોગની શરૂઆતમાં હોય છે. સર્વ જીવાદિના વિષયમાં એ યોગીઓનું ચિત્ત મૈત્રી વગેરે ભાવનાથી ભાવિત હોય છે. વિશિષ્ટ પુણ્યથી પ્રભાવવંતું અને ગમે તેવા દુઃખના પ્રસઙ્ગમાં ધૈર્યવાળું ચિત્ત હોય છે. શીત-ઉષ્ણ; સુખ-દુઃખ કે માન-અપમાન... ઈત્યાદિ દ્વન્દ્વોમાં તેઓ પરાભવ પામતા નથી. યોગની સાધનામાં અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ સહજ રીતે તેમને થાય છે અને યોગના પ્રભાવે તેઓ લોકોમાં પ્રિય થતા હોય છે. તેમ જ યોગની સિદ્ધિ થવાથી તેઓના દોષો ક્ષીણ થાય છે; તેઓને પરમ તૃપ્તિ, ઔચિત્યપૂર્ણ યોગ અને અદ્ભુત સમતા પ્રાપ્ત થાય છે. તેમના વૈર-વિરોધાદિ નાશ પામે છે

અને તેઓને ઋતમ્ભરા પ્રજ્ઞા (પ્રાતિભજ્ઞાન) પ્રાપ્ત થાય છે... આ બધાં લક્ષણો સિદ્ધ થયેલા યોગનાં છે. યોગાચાર્યોએ જણાવેલા એ ગુણો અહીં પણ સ્થિરાદષ્ટિની પ્રાપ્તિ પછી સહજ રીતે જ શરૂ થાય છે. યોગાચાર્યોએ જણાવેલા અલૌલ્ય વગેરે ગુણોનું વિસ્તારથી વર્ણન ''યોગદષ્ટિ એક પરિશીલન''માં આ પૂર્વે કર્યું છે. જિજ્ઞાસુએ તે ત્યાંથી જાણી લેવું જોઈએ. ॥૨૪-૭॥

***

હવે છઠ્ઠી કાંતાદષ્ટિનું વર્ણન કરાય છે-

**धारणा प्रीतयेऽन्येषां, कान्तायां नित्यदर्शनम् ।**
**नान्यमुत् स्थिरभावेन, मीमांसा च हितोदया ॥२४-८॥**

''કાંતાદષ્ટિમાં દર્શન નિત્ય હોય છે; અન્ય જનોને પ્રીતિ ઊપજે એવી ધારણા પ્રાપ્ત થાય છે. સ્થિરતાની પ્રાપ્તિ થયેલી હોવાથી અન્યમુદ્ નામનો દોષ નડતો નથી. તેમ જ હિતના ઉદયવાળી મીમાંસા પ્રાપ્ત થાય છે.''-આ પ્રમાણે આઠમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સ્થિરાદષ્ટિમાં સૂક્ષ્મ બોધની પ્રાપ્તિ થવાથી ઉત્તરોત્તર સ્થિરતા વધતી હોવાથી કાંતાદષ્ટિમાં દર્શન નિત્ય હોય છે. તારાઓની પ્રભા જેવું એ દર્શન (બોધ) ક્યારે પણ મંદ બનતું નથી, સતત પ્રકાશે છે. કાંતાદષ્ટિમાં યોગનાં આઠ યમાદિ અઙ્ગોમાંથી છઠ્ઠા ધારણા નામના યોગાઙ્ગની પ્રાપ્તિ થાય છે. ધારણાનું સ્વરૂપ હવે

પછી વર્ણવાશે. આ ધારણા સામાન્યથી અન્ય જનો માટે પ્રીતિનું કારણ બને છે.

આ દૃષ્ટિમાં પ્રાપ્ત થયેલી સ્થિરતાને લઈને યોગના બાધક એવા દોષોમાંથી 'અન્યમુદ્' નામના દોષનો અભાવ થાય છે. યોગ અને તેના સાધનને છોડીને અન્યત્ર હર્ષ થતો નથી. કારણ કે આ દૃષ્ટિમાં એ અતત્ત્વભૂતનો પ્રતિભાસ થતો નથી. આશય એ છે કે કાંતાદૃષ્ટિમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયેલી હોવાથી મોક્ષસાધક તત્ત્વને જ તત્ત્વસ્વરૂપે પ્રતીત કરાય છે. એને છોડીને અન્ય સઘળું ય અતત્ત્વસ્વરૂપ પ્રતીત થતું હોવાથી સાધકને એ બધું યાદ જ આવતું નથી. જેથી અન્યત્ર હર્ષ-આનંદ થવાનો પ્રસઙ્ગ આવતો નથી. તેમ જ અન્યદર્શનોના શ્રવણાદિમાં પણ ચિત્ત જતું નથી. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક મોક્ષમાર્ગને છોડીને અન્યત્ર તત્ત્વનો પ્રતિભાસ થતો ન હોવાથી 'અન્યમુદ્' દોષ રહેતો નથી. શ્રી ષોડશક એક પરિશીલન... વગેરેમાં અન્યમુદ્ વગેરે દોષોનું નિરૂપણ વિસ્તારથી કર્યું છે. જિજ્ઞાસુઓએ એનું અનુસંધાન કરી લેવું જોઈએ.

અદ્વેષાદિ આઠ ગુણોમાંથી મીમાંસાગુણની પ્રાપ્તિ આ દૃષ્ટિમાં થાય છે. સ્થિરાદૃષ્ટિમાં પ્રાપ્ત થયેલા સૂક્ષ્મ બોધના સામર્થ્યથી સદ્વિચારાત્મક મીમાંસાની પ્રાપ્તિ થાય છે, જેનું ફળ સમ્યગ્જ્ઞાન છે. તત્ત્વની પ્રાપ્તિ માટે મીમાંસા, એક મહત્ત્વનું સાધન છે. તત્ત્વનો બોધ(જ્ઞાન) પામ્યા પછી

સદસદ્‌ની વિચારણા કરવામાં આવે નહિ તો તત્ત્વની પ્રાપ્તિ નહિ થાય. સદસદ્‌ની વિચારણા કરવાનું ખરેખર જ આવશ્યક હોવા છતાં આજે એની આવશ્યકતા આપણને જણાતી નથી. તત્ત્વની પ્રતિપત્તિ માટે એ મીમાંસા કર્યા વિના ચાલે એવું નથી. સ્થિરાદષ્ટિમાં પ્રાપ્ત થયેલો બોધ જેમ જેમ વધવા માંડે તેમ તેમ આ સંસારનો ઉચ્છેદ કઈ રીતે થાય ઈત્યાદિની ચિંતા સ્વરૂપ સદ્‌વિચારણા (મીમાંસા) પણ વધતી જાય છે. અંતે એથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આત્માને સર્વવિરતિસ્વરૂપ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

||૨૪-૮||

***

ધારણાનું સ્વરૂપ વર્ણવાય છે-

**देशबन्धो हि चित्तस्य, धारणा तत्र सुस्थितः ।**
**प्रियो भवति भूतानां, धर्मैकाग्रमनास्तथा ॥२४-९॥**

"શરીરના એક દેશ(નાભિ વગેરે)માં ચિત્તને બાંધી રાખવા સ્વરૂપ ધારણા છે. તે ધારણામાં સારી રીતે સ્થિરતાને પામેલા યોગી પ્રાણીઓને પ્રિય બને છે અને ધર્મમાં જ લાગેલા મનવાળા બને છે."-આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે નાભિચક્ર (નાભિમંડલ-નાભિ), નાસિકાનો અગ્રભાગ અને હૃદયકમલ વગેરે શરીરના એક દેશ ઉપર અથવા બાહ્ય દેવાદિવિષય ઉપર ચિત્તને સ્થિર કરવા સ્વરૂપ ધારણા છે. અત્યાર સુધી

અપ્રશસ્ત એવા સ્ત્રી વગેરે પદાર્થોમાં ચિત્ત એકાગ્ર હતું. એ અપ્રશસ્ત વિષયોનો પરિહાર(ત્યાગ) કરી શરીરના તે તે દેશાદિને વિશે ચિત્ત જ્યારે સ્થિર બને છે, ત્યારે ચિત્તને ધારણાની પ્રાપ્તિ થાય છે. યોગસૂત્ર(૩-૧)માં પણ જણાવ્યું છે કે-દેવવિશેષની સાથે જે ચિત્તનો સંબંધ છે, તેને ધારણા કહેવાય છે.

આ ધારણામાં યોગી સુસ્થિત હોય છે. કારણ કે તેમનું અંતઃકરણ મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય... ઈત્યાદિ સુપ્રસિદ્ધ ભાવનાઓથી વાસિત હોય છે. પાંચ યમ(અહિંસાદિ) અને શૌચ સંતોષ તપ સ્વાધ્યાય તથા ઈશ્વરનું પ્રણિધાન સ્વરૂપ પાંચ નિયમો સારી રીતે અભ્યસ્ત થયેલા હોય છે. પદ્માસનાદિ આસનોને જીતનારા હોવાથી (અર્થાદ્ આસન સિદ્ધ થવાથી) યોગી શ્વાસ-પ્રશ્વાસના વિક્ષેપને દૂર કરે છે. ઈન્દ્રિયોને વિષયવિકારોથી દૂર રાખવાના કારણે સહજ રીતે જ યોગીઓનું શરીર સરળ હોય છે. શીત-ઉષ્ણ, હર્ષ-વિષાદ અને માનાપમાન ઈત્યાદિ દ્વન્દ્વોને યોગી જીતી લે છે અને સમ્પ્રજ્ઞાતયોગના અભ્યાસમાં તત્પર હોય છે. તેથી યોગીજનો ધારણામાં સુસ્થિત હોય છે. આથી તેઓ સર્વ લોકોને પ્રિય બને છે તેમ જ એકાગ્રમનથી ધર્મ કરનારા તેઓ બને છે. ॥૨૪-૯॥

***

ધારણામાં યોગી ધર્મને વિશે એકાગ્રમનવાળા બને

છે-એનું કારણ જણાવાય છે-

**अस्यामाक्षेपकज्ञानान्न भोगा भवहेतवः ।**
**श्रुतधर्मे मनोयोगाच्चेष्टाशुद्धे र्यथोदितम् ॥२४-१०॥**

"કાંતાદષ્ટિમાં ચિત્તાક્ષેપક જ્ઞાનના કારણે શ્રુતધર્મ-આગમમાં નિત્ય મનનો સંબંધ હોવાથી પ્રવૃત્તિની શુદ્ધિને લઈને ભોગો ભવના હેતુ બનતા નથી. જેમ કહ્યું છે કે (જે શ્લો.નં. ૧૧માં જણાવાશે)"-આ પ્રમાણે દશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંસારની કોઈ પણ પ્રવૃત્તિમાં આ દષ્ટિને પામેલા યોગીને આનંદ આવતો નથી. સ્થિરાદષ્ટિમાં પ્રાપ્ત કરેલા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના પ્રભાવે એ યોગીઓનું ચિત્ત આ દષ્ટિને લઈને મોક્ષ અને તેનાં પ્રાપ્ત-અપ્રાપ્ત સાધનોમાં જ લાગી રહે છે.

તે તે કર્મના ઉદયે કાયાની અવિરતિપ્રત્યયિક ક્રિયા કરતા હોય ત્યારે પણ આ દષ્ટિમાં રહેલા યોગીઓનું ચિત્ત આગમમાં જ લીન હોય છે. ચિત્તને પકડી રાખનાર આક્ષેપક જ્ઞાનના કારણે, પાંચેય ઈન્દ્રિયોના તે તે વિષયોનો ભોગ ભવનું કારણ બનતો નથી. કારણ કે તે વખતે ચેષ્ટા-પ્રવૃત્તિની શુદ્ધિ હોય છે, જે મનની નિર્મળતાથી થાય છે. પ્રાપ્ત થયેલાં સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી અપ્રાપ્ત સાધનોને પ્રાપ્ત કરવાનું કાર્ય આ દષ્ટિમાં સરસ રીતે થાય છે. સાધન સાધનાંતરને લાવી ન આપે તો પ્રાપ્ત સાધન સિદ્ધિનાં કારણ નહીં બને. આ દષ્ટિમાં સાધનનો ઉપયોગ

કરી અપ્રાપ્ત સાધનની પ્રાપ્તિ માટે યોગી પૂર્ણપણે પ્રયત્નશીલ હોય છે. આ દૃષ્ટિની એ એક અદ્ભુત સિદ્ધિ છે. મળેલાં સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી ન શકવાના કારણે ઘણા-ખરા સાધકો સાધનામાર્ગથી વિચલિત બન્યા છે... ઈત્યાદિ અહીં યાદ રાખવું. ॥૨૪-૧૦॥

***

ઉપર જણાવેલી વાતનું સમર્થન કરાય છે. આશય એ છે કે દશમા શ્લોકમાં **यथोदितम्**-આ પદથી 'જેમ કે કહ્યું છે'-એ પ્રમાણે જણાવ્યું હતું, તે હવે જણાવાય છે-

**मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।**
**तन्मध्येन प्रयात्येव, यथा व्याघातवर्जितः ॥२४-११॥**

યોગદૃષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૧૬૫) પૂ.આ.ભ.શ્રી. હરિભદ્ર સૂ. મહારાજાએ ફરમાવ્યું છે કે-''જેમ વૃક્ષની છાયામાં જણાતા પાણીને જેઓ પાણીનો આભાસ સમજે છે-એ પાણી વાસ્તવિક રીતે પાણી નથી એમ માને છે, તેઓ તેમાંથી કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના ઉદ્વેગથી રહિતપણે તરત જ નીકળી જાય છે.''-આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે મૃગજળને જે મૃગજળ સ્વરૂપે જ જાણે છે તે ઉદ્વેગ પામ્યા વિના અવરોધરહિતપણે તે મૃગજળમાંથી જલદીથી નીકળી જાય છે. કારણ કે માયાપાણી વાસ્તવિક રીતે પ્રયાણમાં અવરોધ કરવા સમર્થ

જ નથી. આ પ્રમાણે આ શ્લોકથી દષ્ટાંતનું વર્ણન કર્યું છે. તેનો ઉપનય હવે પછીના શ્લોકથી જણાવાય છે.

॥૨૪-૧૧॥

***

ઉપર જણાવ્યા મુજબ દષ્ટાંતનું વર્ણન કરીને હવે તેનો ઉપનય જણાવાય છે-

**भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् ।**
**भुञ्जानोऽपि ह्यसङ्गः सन्, प्रयात्येव परं पदम् ॥२४-१२॥**

"તેમ જ પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભોગને સ્વરૂપથી અસાર તરીકે જાણનારા યોગી મૃગજળજેવા એ ભોગોને ભોગવતો હોવા છતાં તેમાં આસક્ત બન્યા વિના પરમ પદને પ્રાપ્ત કરે જ છે."-આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ઈન્દ્રિય અને રૂપાદિ અર્થના સંબંધ(ગ્રહણ) સ્વરૂપ ભોગોને જેઓ વાસ્તવિક રીતે મૃગજળજેવા અસાર જાણે છે તેઓ તે કર્મથી આક્ષિપ્ત (ખેંચાઈને આવેલા) ભોગોને ભોગવતા હોવા છતાં તેમાં આસક્ત બનતા નથી. તેથી આ દષ્ટિને પ્રાપ્ત કરેલા યોગીજનો પાંચેય ઈન્દ્રિયોના વિષયસુખોને પરમાર્થથી અસાર માનતા હોવાથી તેમાં અભિષ્વઙ્ગ-રાગ કર્યા વિના પરમપદે જાય છે જ. કારણ કે તેઓને વિષયોપભોગમાં અભિષ્વઙ્ગ ન હોવાથી પરવશતા નથી. આથી કોઈ પણ પ્રકારના અવરોધ વિના તેઓ પરમપદે જાય છે. આ છઠ્ઠી દષ્ટિમાં

એ એક અદ્‌ભુત સિદ્ધિ છે કે ભોગની પણ પ્રવૃત્તિ મોક્ષ પ્રત્યેના પ્રયાણનો અવરોધ કરનારી બનતી નથી.

॥૨૪-૧૨॥

***

ઉપર જણાવેલી વાતનું વ્યતિરેકમુખે સમર્થન કરાય છે-

**भोगतत्त्वस्य तु पुन, र्न भवोदधिलङ्घनम् ।**
**मायोदकदृढावेशस्तेन यातीह कः पथा ॥२४-१३॥**

"વિષયના ભોગને જે પારમાર્થિક માને છે તેને ભવસમુદ્રથી તરવાનું શક્ય બનતું નથી. મૃગજળને જેણે વાસ્તવિક જળ માન્યું છે તે, તે માર્ગથી કઈ રીતે જાય ?" કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા પ્રમાણે બારમા શ્લોકથી એ જણાવ્યું છે કે ભોગને પારમાર્થિક રીતે અતત્ત્વ-સ્વરૂપ જેઓ માને છે તેઓ ભોગની પ્રવૃત્તિમાંથી પણ અવરોધ વિના પરમપદે જાય છે જ. એના વ્યતિરેક-અભાવ સ્વરૂપે આ શ્લોકથી પૂર્વોક્ત વાતનું જ સમર્થન કરાય છે.

જેઓ પૂર્વે જણાવ્યા મુજબ ભોગને અતત્ત્વસ્વરૂપ માનતા નથી પરંતુ ભોગોને સ્વરૂપથી(વાસ્તવિક રીતે) તત્ત્વસ્વરૂપ જ માને છે તેઓ ભવસમુદ્રનું ઉલ્લંઘન કરી શકતા નથી. આ વાત શ્લોકના ઉત્તરાર્ધથી દૃષ્ટાંત દ્વારા સમજાવી છે. એનો આશય એ છે કે જે માર્ગમાં મૃગજળ

છે; તે મૃગજળને જે માણસ પરમાર્થથી જળ જ માને છે, એવો કયો તે માણસ છે કે તે માર્ગે જાય ? અર્થાદ્ એવો કોઈ પણ તે માર્ગે જાય જ નહિ. કારણ કે માયાપાણીમાં તેને વાસ્તવિક પાણીનું જ્ઞાન થયું છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૪-૧૩॥

***

ભોગને પારમાર્થિક તત્ત્વસ્વરૂપ માનનારને ભવસમુદ્રને તરવાનું અશક્ય છે એનું કારણ જે છે તે જણાવાય છે-

**स तत्रैव भवो(यो)द्विग्नो, यथा तिष्ठत्यसंशयम् ।**
**मोक्षमार्गेऽपि हि तथा, भोगजम्बालमोहितः ॥२४-१४॥**

''જેને માયાપાણીમાં પાણીનો દૃઢ આવેશ છે તે ભવમાં (ભયથી) ઉદ્વેગ પામેલો, જેમ ત્યાં ઊભો જ રહે છે તેમ ભોગરૂપ કાદવમાં મોહ પામેલો તે, મોક્ષમાર્ગમાં પણ ઊભો જ રહે છે.''-આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સમજી શકાય છે કે માયાપાણી હોવા છતાં જેને તેમાં 'એ પાણી જ છે' એવો ચોક્કસ નિર્ણય છે, એ તે માર્ગમાં ઊભો રહી જ જાય છે; પરંતુ સહેજ પણ આગળ જતો નથી. કારણ કે માયાપાણીમાં તેને જલની બુદ્ધિ થયેલી છે. આગળ પાણી છે જ એમ માનનાર આગળ જાય જ નહિ-એ સમજી શકાય છે.

આવી જ રીતે ભોગના કારણભૂત શરીર, વિષયો અને ઈન્દ્રિયો વગેરેના પ્રપઞ્ચ(માયા)થી મોહ પામેલા

સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગે જતા જ નથી, જ્યાં છે ત્યાં જ ઊભા રહે છે. કારણ કે તેમને ભોગ પારમાર્થિક જણાય છે, મોક્ષમાર્ગ પારમાર્થિક જણાતો નથી. ॥૨૪-૧૪॥

***

આ રીતે શ્લો.નં. ૧૧ થી ૧૪ સુધીના ચાર શ્લોકોથી અક્ષરશઃ યોગદષ્ટિસમુચ્ચયના શ્લોક નંબર ૧૬૫ થી ૧૬૮ સુધીના ચાર શ્લોકોમાં જણાવેલી વાતનું વર્ણન કર્યું. એથી સમજી શકાય છે કે ભોગને પારમાર્થિક ન માનવાના કારણે કાંતાદષ્ટિમાં મોક્ષમાર્ગમાં ચોક્કસપણે દઢતાપૂર્વક ગમન થાય છે. પરંતુ ભોગની પ્રવૃત્તિ ચાલતી હોવાથી તે ધર્મનો બાધ કરનારી તો બને જ ને ? આ શઙ્કાનું હવે સમાધાન કરાય છે-

**धर्मशक्तिं न हन्त्यस्यां, भोगशक्ति र्बलीयसीम् ।**
**हन्ति दीपापहो वायुर्ज्वलन्तं न दवानलम् ॥२४-१५॥**

''આ કાંતાદષ્ટિમાં બલવતી એવી ધર્મશક્તિને ભોગશક્તિ હણતી નથી. કારણ કે દીપકને દૂર કરનાર વાયુ બળતા એવા દાવાનળને દૂર કરતો નથી.''-આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ છઠ્ઠી કાંતાદષ્ટિમાં પૂર્વે જણાવ્યા મુજબ ભોગોને અતત્ત્વ સ્વરૂપ ચોક્કસપણે જાણી લીધેલા હોવાથી તેમાં સ્વારસિક પ્રવૃત્તિ થતી નથી. તેવા પ્રકારના સુનિકાચિત કર્મના યોગે

આવી પડેલી એ ભોગની પ્રવૃત્તિ હોય છે. એ કર્માક્ષિપ્ત હોવાથી નિર્બળ હોય છે. એની અપેક્ષાએ ધર્મની શક્તિ સ્વાભાવિક હોવાથી અત્યંત પ્રબળ છે. કારણ કે આ દૃષ્ટિને પામેલા પુણ્યાત્માઓ માયાપાણીની જેમ ભોગને ચોક્કસપણે પારમાર્થિક નથી જ માનતા.

તેથી નિરંતર સ્વભાવથી જ પ્રવર્ત્તતી પ્રબળ ધર્મશક્તિને હણવાનું સામર્થ્ય તદ્દન જ નિર્બળ પરવશ એવી ભોગશક્તિમાં સહેજ પણ નથી. આ વાતનું સમર્થન શ્લોકના ઉત્તરાર્દ્ધ દ્વારા દૃષ્ટાંતથી કરાય છે. જેનો આશય સ્પષ્ટ છે કે દીપકને દૂર કરનાર પવન દાવાનળને બુઝવવા સમર્થ ન જ બને. કારણ કે ગમે તેટલો વિરોધી હોય તો ય નિર્બળ હોય તો તે કશું જ કરી શકે નહિ. ઉપરથી તે બળવાન હોવાથી દાવાનલાદિની પ્રત્યે સહાયક બને છે. આ રીતે અહીં પણ બલવતી ધર્મશક્તિને અવશ્યભોગ્ય કર્મનો ક્ષય કરવામાં ભોગશક્તિ સહાય કરે છે. ભોગશક્તિ નિર્બળ હોવાથી ધર્મશક્તિને રોકતી નથી.

યદ્યપિ સ્થિરાદૃષ્ટિમાં પણ જ્ઞાન હોવાથી ભોગોની પ્રવૃત્તિ અકિંચિત્કર છે, તોપણ સ્થિરાદૃષ્ટિમાં ભોગની પ્રવૃત્તિમાં પ્રમાદ પણ સહકારિકારણ છે. કાંતાદૃષ્ટિમાં ધારણાના કારણે જ્ઞાનનો ઉત્કર્ષ થતો હોય છે. તેથી ભોગોમાં પ્રમાદનું સહકારિત્વ હોતું નથી. ગૃહસ્થોને પણ આ દૃષ્ટિમાં ઉપચારથી સાધુપણું હોય છે. ભવિષ્યમાં ખૂબ જ નજીકના કાળમાં ગૃહસ્થોની આ સ્થિતિ સાધુત્વનું કારણ બને છે.

તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરાય છે. ગૃહસ્થોને આ કાંતાદષ્ટિમાં ચારિત્રમોહનીયકર્મનો ઉદય હોવાથી સંયમ સ્થાનોનો લાભ થતો નથી. પરંતુ ક્યારે પણ ચારિત્રવિરોધી પરિણામ સહેજ પણ થતો નથી. આ પ્રમાણે શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનો આશય છે. ||૨૪-૧૫||

***

છઠ્ઠી દષ્ટિમાં પ્રાપ્ત થયેલી મીમાંસાનું ફળ વર્ણવાય છે-

**मीमांसा दीपिका चास्यां, मोहध्वान्तविनाशिनी ।**
**तत्त्वालोकेन तेन स्यान्न कदाप्यसमञ्जसम् ॥२४-१६॥**

''મોહસ્વરૂપ અંધકારનો વિનાશ કરનારી દીપિકા સમાન મીમાંસા કાંતાદષ્ટિમાં હોવાથી તેના તત્ત્વપ્રકાશના કારણે ક્યારે પણ અસમઞ્જસ પ્રવૃત્તિ થતી નથી.''-આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે. મીમાંસા સદ્વિચારસ્વરૂપ છે, જે અજ્ઞાનતિમિરનો વિનાશ કરતી હોવાથી દીપિકાસ્વરૂપ છે. તે દીપિકાના પરમાર્થ પ્રકાશથી ક્યારે પણ અસમઞ્જસ(અવિચારી) કૃત્ય થતું નથી. કારણ કે એનું નિમિત્ત અજ્ઞાન છે. પરંતુ એનો વિનાશ તો મીમાંસાથી થયો છે. તેથી ક્યારે પણ અવિચારી પ્રવૃત્તિ થતી નથી. ||૨૪-૧૬||

***

હવે સાતમી પ્રભાદૃષ્ટિનું વર્ણન કરાય છે-

**ध्यानसारा प्रभा तत्त्वप्रतिपत्तियुता रुजा ।**
**वर्जिता च विनिर्दिष्टा, सत्प्रवृत्तिपदावहा ।।२४-१७।।**

"ધ્યાનના સારવાળી પ્રભાદૃષ્ટિ છે, જે તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત હોય છે, રુગ્દોષથી રહિત હોય છે અને સત્પ્રવૃત્તિ- પદને વહન કરનારી જણાવાઈ છે."-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે આ સાતમી દૃષ્ટિ યોગના અઙ્ગભૂત ધ્યાનથી મનને હરનારી છે. અર્થાત્ પ્રિય બને છે. વાસ્તવિક સ્વરૂપના અનુભવ સ્વરૂપ તત્ત્વપ્રતિપત્તિ નામના યોગગુણની અહીં પ્રાપ્તિ થાય છે.

'આ આમ જ છે'... ઈત્યાદિ પ્રકારના દૃઢ નિર્ણયને તત્ત્વપ્રતિપત્તિ કહેવાય છે. આ પૂર્વે પ્રાપ્ત થયેલી તત્ત્વમીમાંસાના કારણે જ્ઞાનના વિષયનો દૃઢ નિર્ણય થવાથી તે તે વિષયમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિનું કારણ, જ્ઞાન બનતું હોય છે. જ્ઞાન, શ્રદ્ધા અને પ્રવૃત્તિ-આ ત્રણનો સંવાદ જ વસ્તુતઃ તત્ત્વપ્રતિપત્તિ છે. એ સંવાદ આ દૃષ્ટિમાં પહેલી વાર જ જોવા મળે છે. આ પૂર્વે જ્ઞાન, શ્રદ્ધા અને પ્રવૃત્તિ : આ ત્રણનો સમાગમ થયો ન હતો, જે આ દૃષ્ટિમાં થાય છે. તેથી મુમુક્ષુને સહજ રીતે જ જ્ઞાનાદિના વિષયમાં આદરાતિશય પ્રગટે છે. એને લઈને મુમુક્ષુ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ અખંડિતપણે અનુષ્ઠાન કરવા સમર્થ બને છે. તેથી તે તે અનુષ્ઠાનમાં કોઈ પણ પ્રકારની

સ્ખલના થતી નથી. એવી સ્ખલનાસ્વરૂપ દોષને અનુષ્ઠાનનો રોગ કહેવાય છે, જે રુગ્ નામના દોષસ્વરૂપે અહીં યોગમાર્ગમાં પ્રસિદ્ધ છે. આ સાતમી દૃષ્ટિમાં એ રુગ્ દોષનો અભાવ હોય છે. એ રુગ્દોષથી અનુષ્ઠાન-સામાન્યનો ઉચ્છેદ થતો નથી. પરંતુ નિરતિચાર અનુષ્ઠાનનો નાશ થતો હોય છે. તેથી સાતિચાર અનુષ્ઠાન હોવા છતાં વિવક્ષિત ફળની પ્રાપ્તિ થતી નથી. સાતમી દૃષ્ટિમાં એવી અવસ્થા હોતી નથી. આ દૃષ્ટિ સત્પ્રવૃત્તિપદ (અસઙ્ગાનુષ્ઠાન)ને પ્રાપ્ત કરાવનારી છે. સત્પ્રવૃત્તિપદનું સ્વરૂપ હવે પછી જણાવાશે. ।।૨૪-૧૭।।

***

ધ્યાનનું સ્વરૂપ વર્ણવાય છે-

**चित्तस्य धारणादेशे, प्रत्ययस्यैकतानता ।**
**ध्यानं ततः सुखं सारमात्मायत्तं प्रवर्त्तते ।।२४-१८।।**

''ધારણાના વિષયમાં; મનની જ્ઞાનસંબંધી જે એકાગ્રતા છે તેને ધ્યાન કહેવાય છે. તેથી સારભૂત સ્વાધીન એવું સુખ પ્રવર્ત્તે છે.''-આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સૂર્યની પ્રભા જેવી પ્રભા છે જેની એવા બોધવાળી આ દૃષ્ટિમાં ધ્યાનસ્વરૂપ યોગના અઙ્ગની પ્રાપ્તિ થાય છે. ચિત્તની ધારણાના વિષયમાં જે પ્રત્યયૈકતાનતા છે, તેને ધ્યાન કહેવાય છે. જે વિષયની ધારણા છે તેનાથી વિસદૃશ એવા પરિણામનો પરિહાર

કરીને સદશ પરિણામની ધારામાં જે ચિત્ત લાગી રહે છે, તેને પ્રત્યયની(જ્ઞાનની) એકતાનતા(એકાગ્રતા) કહેવાય છે. પાતઞ્જલયોગસૂત્રમાં આ અંગે જણાવ્યું છે કે '**तत्र प्रत्ययैकतानता ध्यानम्**' ॥૩-૨॥ અર્થાદ્ ધારણાના તે તે વિષયમાં જે ધ્યેયાકાર ચિત્તની એકાગ્રતા, તેને ધ્યાન કહેવાય છે. જે વિષયમાં ધારણા વડે ચિત્તવૃત્તિ લગાડેલી હોય તે વિષયમાં વિજાતીયવૃત્તિપ્રવાહથી રહિત સજાતીય વૃત્તિનો નિરંતર પ્રવાહ કરી દેવા સ્વરૂપ ધ્યાન છે. આશય એ છે કે જેનું ધ્યાન કરાય છે તે વિષયક જ ચિત્તવૃત્તિનો પ્રવાહ રહે, પણ અન્યવિષયકચિત્તવૃત્તિનો પ્રવાહ રહેવો ના જોઈએ. આને જ વિજાતીય પ્રત્યયથી રહિત સજાતીયપ્રત્યયપ્રવાહ કહેવાય છે.

સામાન્યથી ધારણાના વિષયમાં જ્ઞાનની જે એકતાનતા છે, તેને ધ્યાન કહેવાય છે. સ્થૂલદષ્ટિએ ધ્યાન અને ધારણા : એ બંન્નેમાં રહેલા ભેદને સમજવો હોય તો મૂળભૂત વિષયમાં ચિત્તની એકાગ્રતા-એ ધારણા છે અને એના વ્યાપ્યભૂત અવાંતર એક વિષયમાં ચિત્તની એકાગ્રતા-એ ધ્યાન છે. ધારણામાં મૂળવિષયની આસપાસ જ ચિત્ત ફરતું રહે છે. જ્યારે ધ્યાન વખતે તે વિષયના એકદેશભૂત વિષયમાં જ ચિત્ત સ્થિર બને છે... ઈત્યાદિ યોગના જ્ઞાતાઓ પાસેથી સમજી લેવું જોઈએ. આ ધ્યાનથી પરમ ઉત્કૃષ્ટ એવા સુખની પ્રાપ્તિ થાય છે; જે આત્માયત્ત

(સ્વાધીન) હોય છે, બીજાને આધીન હોતું નથી.

||૨૪-૧૮||

***

સુખ અને દુઃખનું સ્વરૂપ જણાવાય છે-

**सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ।।२४-१९।।**

''પરાધીન બધું દુઃખ છે અને સ્વાધીન બધું સુખ છે-આ પ્રમાણે સંક્ષેપથી સુખ અને દુઃખનું સ્વરૂપ મુનિઓએ જણાવ્યું છે.''-આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. એનો આશય આમ તો ખૂબ જ સ્પષ્ટપણે સમજી શકાય છે. પરંતુ એને શ્રદ્ધેય બનાવવાનું ખૂબ જ કઠિન છે.

ગ્રંથકારપરમર્ષિએ જણાવેલી એ વાતનો વિચાર કરીએ તો ન સમજી શકાય એવી એ વાત નથી. સંસારમાં પાપના ઉદયથી પ્રાપ્ત થતું દુઃખ તો દુઃખ છે જ. પરંતુ પુણ્યથી પ્રાપ્ત થતું સુખ પણ દુઃખસ્વરૂપ જ છે. કારણ કે તે દુઃખની જેમ જ કર્મના ઉદયથી પ્રાપ્ત થતું હોય છે. આત્મા અને તેના ગુણોને છોડીને અન્ય શરીર વગેરે સઘળા ય પદાર્થો પર છે. સંસારનું કોઈ પણ સુખ એ પરપદાર્થને આધીન છે, તેથી તે દુઃખસ્વરૂપ છે. પરપદાર્થની અપેક્ષા એ મોટામાં મોટું દુઃખ છે. કર્મજન્ય શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખો પણ દુઃખનાં કારણ હોવાથી દુઃખસ્વરૂપ છે.

આથી સમજી શકાશે કે ધ્યાનના કારણે ઉત્પન્ન થનારું સુખ જ વાસ્તવિક સુખ છે. કારણ કે તે સ્વાધીન (આત્મવશ) છે. પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારું કોઈ પણ સુખ પરાધીન હોવાથી દુઃખસ્વરૂપ જ છે. પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારું સુખ વસ્તુતઃ સુખ જ નથી. કારણ કે તેમાં સુખનું લક્ષણ નથી, પરંતુ તેમાં દુઃખનું લક્ષણ છે. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લોક નં. ૧૭૩) એ પ્રમાણે જણાવ્યું છે કે- પુણ્યના ઉદયથી પ્રાપ્ત સુખ પણ પરવશ છે-એ નિશ્ચિત છે. કારણ કે પુણ્ય આત્માદિથી પર છે. તેથી પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ દુઃખરૂપ જ છે. કારણ કે પરવશતા સ્વરૂપ દુઃખનું લક્ષણ એ સુખમાં સઙ્ગત થાય છે. આ રીતે ધ્યાનથી ઉત્પન્ન થયેલું સુખ જ તાત્ત્વિક સુખ છે-એ સ્પષ્ટ છે. અહીં યોગદૃષ્ટિસમુચ્ચયના શ્લો.નં. ૧૭૩માં ચોથું પદ **'ध्यानजं तात्त्विकं सुखम्'** આ પ્રમાણે છે. તેના સ્થાને એ ગ્રંથમાં **तल्लक्षणनियोगतः** આ પ્રમાણે પાઠ છે, જેનો અર્થ ઉપર જણાવ્યો છે. ॥૨૪-૧૯॥

***

આત્મવશ સુખ હોવાથી મહાત્માઓને તે નિરંતર હોય છે, તે જણાવાય છે-

**ध्यानं च विमले बोधे, सदैव हि महात्मनाम् ।**
**सदा प्रसृमरोऽनभ्रे, प्रकाशो गगने विधोः ॥२४-२०॥**

"નિર્મળ બોધ હોતે છતે મહાત્માઓને સદાને માટે

ધ્યાન હોય છે; મેઘથી રહિત આકાશમાં સદાને માટે ચંદ્રમાનો પ્રકાશ પ્રસરતો હોય છે.''–આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે આ સાતમી દૃષ્ટિમાં સદાને માટે નિર્મળ બોધ હોવાથી ધ્યાન પણ સદાને માટે હોય છે. કારણ કે નિર્મળ બોધ નિયત જ ધ્યાન હોય છે. નિર્મળ બોધથી પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ થવાથી તેને પ્રગટ કરવા માટે મુમુક્ષુ આત્માઓનું મન માત્ર મોક્ષમાં લાગ્યું હોય છે.

એ રીતે ચિત્ત મોક્ષમાં સ્થિર બનતું હોવાથી અહીં સદાને માટે ધ્યાન હોય છે, તેથી જ ધ્યાનથી જન્ય એવું સ્વાધીન સુખ આ દૃષ્ટિમાં નિરંતર હોય છે. એ સુખના કારણે ગમે તેવી પ્રવૃત્તિથી પણ ધ્યાનનો વિચ્છેદ થતો નથી. સ્પષ્ટ ક્ષયોપશમના કારણે ઉત્પન્ન થયેલા નિર્મળ બોધના પ્રભાવે તાત્ત્વિક સુખનો અનુભવ થવાથી અતાત્ત્વિક સુખમાં રતિ થતી નથી. કર્મયોગે પ્રાપ્ત થયેલા વિષમ સંયોગોને પણ મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ બનાવવાની કુશળતા આ દૃષ્ટિમાં પ્રાપ્ત થતી હોય છે, જે નિર્મળ બોધની જ વિશેષતા છે. આ વાતને દૃષ્ટાંતથી ખૂબ જ સ્પષ્ટપણે આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી સમજાવી છે. મેઘથી રહિત આકાશમાં ચંદ્રમાનો પ્રકાશ પ્રસરતો હોય છે, તેમ આ દૃષ્ટિમાં પ્રાપ્ત થયેલા સ્પષ્ટ–નિર્મળ બોધથી સદાને માટે ધ્યાન હોય છે. તેવા પ્રકારના સ્વભાવથી જ એવી અવસ્થા આ દૃષ્ટિમાં

હોય છે. ॥૨૪-૨૦॥

✳✳✳

પૂર્વોક્ત સત્પ્રવૃત્તિપદનું સ્વરૂપ વર્ણવાય છે-

**सत्प्रवृत्तिपदं चेहासङ्गानुष्ठानसंज्ञितम् ।**

**संस्कारतः स्वरसतः, प्रवृत्त्या मोक्षकारणम् ॥२४-२१॥**

"આ પ્રભાદૃષ્ટિમાં અસઙ્ગાનુષ્ઠાન-સંજ્ઞાવાળું સત્પ્રવૃત્તિ પદ; પૂર્વપ્રયત્નથી સ્વભાવે પ્રવૃત્તિ થતી હોવાથી મોક્ષનું કારણ બને છે."-આ પ્રમાણે એકવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે આ સાતમી પ્રભાદૃષ્ટિમાં સત્પ્રવૃત્તિપદ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પૂર્વે (શ્લો.નં. ૧૭માં) જણાવ્યું હતું. એ સત્પ્રવૃત્તિપદનું સ્વરૂપ આ શ્લોકથી જણાવાય છે.

'અસઙ્ગાનુષ્ઠાન' આ નામવાળું સત્પ્રવૃત્તિપદ છે. એ અસઙ્ગાનુષ્ઠાન અર્થાત્ સત્પ્રવૃત્તિપદ સંસ્કારના કારણે સ્વરસતઃ થતી પ્રવૃત્તિથી મોક્ષનું કારણ બને છે. આ પૂર્વેના પ્રયત્નથી તે તે પ્રવૃત્તિને અનુકૂળ એવા સંસ્કાર ઉત્પન્ન થાય છે અને તે તે પ્રવૃત્તિને કરવાની ઈચ્છા વિના સ્વભાવથી જે પ્રવૃત્તિ થાય છે, તે પ્રવૃત્તિ સંસ્કારથી અને સ્વરસ(સ્વભાવ)થી થાય છે. આવી પ્રવૃત્તિ પ્રકૃષ્ટવૃત્તિ સ્વરૂપ હોય છે. એને લઈને આ દૃષ્ટિમાં થતું અસઙ્ગાનુષ્ઠાન મોક્ષનું કારણ બને છે.

આશય એ છે કે દૃઢ એવા દંડથી ચક્રનું જે ભ્રમણ

થાય છે, તે પ્રારંભિક ભ્રમણ દૃઢ દંડના પ્રયોગથી થયેલું હોય છે. પરંતુ પછી જે ચક્રનું ભ્રમણ થાય છે તે ચક્રમાં ઉત્પન્ન થયેલા વેગ નામના સંસ્કારથી થાય છે. અર્થાત્ ચક્રભ્રમણની પરંપરા તેના વેગાખ્ય સંસ્કારના અનુવેધથી, સ્વભાવથી જ થાય છે. તેવી જ રીતે અહીં પણ શરૂઆતમાં અભ્યાસથી ધ્યાન પછી તેના સંસ્કારને લઈને સહજપણે જ ધ્યાનના પરિણામ જેવા પરિણામનો એક પ્રવાહ ચાલે છે, જેને અસઙ્ગાનુષ્ઠાન કહેવાય છે. અહીં સાતમા ગુણસ્થાનકનો પ્રકર્ષ હોય છે... ઈત્યાદિ સમજી લેવું. ।।૨૪-૨૧।।

※※※

આ અસઙ્ગાનુષ્ઠાનનું વર્ણન અન્યદર્શનકારોએ જે રીતે કર્યું છે, તેનું વર્ણન કરાય છે-

**प्रशान्तवाहितासंज्ञं, विसभागपरिक्षयः ।**
**शिववर्त्म ध्रुवाध्वेति, योगिभि र्गीयते ह्यदः ।।२४-२२।।**

''આ અસઙ્ગાનુષ્ઠાનને પ્રશાંતવાહિતા, વિસભાગ-પરિક્ષય, શિવવર્ત્મ અને ધ્રુવાધ્વા નામથી યોગીજનો વર્ણવે છે.''-આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે-સાઙ્ખ્યદર્શનના જાણકારો અસઙ્ગાનુષ્ઠાનને, 'પ્રશાંતવાહિતા'ના નામથી વર્ણવે છે. બૌદ્ધો તેને 'વિસભાગના પરિક્ષય' રૂપે જણાવે છે. શૈવો તેને શિવવર્ત્મ કહે છે અને મહાવ્રતિકો તેને 'ધ્રુવાધ્વા' તરીકે જણાવે છે.

વિષયકષાયની પ્રરિણતિના અભાવને 'પ્રશાંતવાહિતા' કહેવાય છે. વિષયકષાયની પરિણતિને ઉત્પન્ન કરનારા સંસ્કારોના અભાવને 'વિસભાગપરિક્ષય' કહેવાય છે. અવ્યવહિત(વ્યવધાનરહિત-સાક્ષાત્) મોક્ષમાર્ગને શિવવર્ત્મ અને ધ્રુવાધ્વા કહેવાય છે. સામાન્યથી આ બધી અવસ્થાઓ સામર્થ્યયોગની સમીપની છે. અન્યત્ર વર્ણવેલી અમૃતાનુષ્ઠાનની અવસ્થામાં અને અહીં વર્ણવેલી અસઙ્ગાનુષ્ઠાનની અવસ્થામાં ખાસ ફરક નથી. અનુષ્ઠાનના સતત અભ્યાસથી પડેલા દઢતર સંસ્કારના કારણે આત્મસાત્ થયેલું આ અસઙ્ગાનુષ્ઠાન ભાવપ્રકર્ષથી પૂર્ણ હોય છે. મોક્ષના નિર્મળ પરિણામ સ્વરૂપ આત્મતત્ત્વ જ વસ્તુતઃ અસઙ્ગાવસ્થા છે. વસ્તુ સારામાં સારી અને રાગ સહેજ પણ નહીં-આ એક અદ્ભુત સિદ્ધિ છે. પ્રભાદષ્ટિની આ પ્રભા આપણા આત્મતત્ત્વને પ્રગટ કરનારી છે.

॥૨૪-૨૨॥

***

સાંખ્યદર્શનપ્રસિદ્ધ પ્રશાંતવાહિતાનું સ્વરૂપ વગેરે જણાવાય છે-

**प्रशान्तवाहिता वृत्तेः, संस्कारात् स्यान्निरोधजात् ।**
**प्रादुर्भावतिरोभावौ, तद्व्युत्थानजयोरयम् ॥२४-२३॥**

*''વૃત્તિના નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી* પ્રશાંતવાહિતાની પ્રાપ્તિ થાય છે. નિરોધથી જન્ય સંસ્કારનો

આવિર્ભાવ અને વ્યુત્થાનથી જન્ય સંસ્કારનો જે તિરોભાવ છે, તે અહીં વૃત્તિઓનો નિરોધ છે.''-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે સામાન્ય રીતે વિક્ષેપનો પરિહાર કરવા વડે ચિત્તનો જે એકાકાર નિરંતર ચાલતો પ્રવાહસ્વરૂપ પરિણામ છે, તેને પ્રશાંતવાહિતા કહેવાય છે.

આ પ્રશાંતવાહિતાનું સ્વરૂપ સમજવા માટે એ સમજી લેવું જોઈએ કે એક જ ચિત્ત; સત્ત્વ રજસ્ અને તમસ્ ગુણને લઈને સાત્ત્વિક રાજસ અને તામસ : આ પ્રકારથી ત્રણ પ્રકારનું છે. તત્ત્વજ્ઞાન, પ્રસન્નતા, પ્રીતિ, ઉત્સાહ, લઘુતા (હળવું), દયા, ક્ષમા, ધૈર્ય અને વિવેક વગેરે ધર્મથી યુક્ત ચિત્ત સાત્ત્વિક કહેવાય છે. ઉદ્યોગશીલતા, પરિતાપ (ચિંતાવિશેષ), શોક, લોભ અને ઈર્ષ્યા વગેરે ધર્મથી યુક્ત ચિત્ત રાજસ કહેવાય છે. તેમ જ અનુદ્યમશીલતા, વિહ્વળતા, અજ્ઞાનતા, જડતા, દૈન્ય, આળસ અને ભય વગેરે ધર્મથી યુક્ત ચિત્ત તામસ કહેવાય છે. આ રીતે સત્ત્વ રજસ્ અને તમસ્ ગુણને લઈને ચિત્ત ત્રિગુણાત્મક છે. એમાં સત્ત્વગુણની ન્યૂનતા હોય અને રજોગુણ તથા તમોગુણની સમાનતા હોય ત્યારે શબ્દાદિ વિષયોને તેમ જ અણિમાદિ ઐશ્વર્યને પ્રિય માની તેમાં જ ચિત્ત આસક્ત બને છે, એ ચિત્ત ક્ષિપ્ત કહેવાય છે. જ્યારે સત્ત્વ અને રજોગુણનો અભિભવ કરીને તમોગુણનો પ્રસાર થાય છે, ત્યારે અજ્ઞાન અવૈરાગ્ય અને નિદ્રા વગેરે અવસ્થાપન્ન ચિત્તને મૂઢ કહેવાય છે. જ્યારે

તમોગુણની પ્રક્ષીણતાથી સત્ત્વગુણનો વિકાસ થાય છે, ત્યારે રજોગુણના લેશથી યુક્ત ચિત્ત ધર્મ, વૈરાગ્યાદિમાં પ્રવૃત્તિશીલ બને છે. એવા ચિત્તને વિક્ષિપ્ત ચિત્ત કહેવાય છે. માત્ર સત્ત્વગુણમાં જ પ્રાધાન્યનો અનુભવ કરનારું સ્વભાવસ્થિત ચિત્ત પરપ્રસંખ્યાન સ્વરૂપ છે અને ચિત્તની સર્વવૃત્તિઓનો નિરોધ થવાથી ચિત્ત નિરુદ્ધ કહેવાય છે.

ઉપર જણાવેલા ક્ષિપ્ત મૂઢ અને વિક્ષિપ્ત ચિત્તની ભૂમિઓનું જે વ્યુત્થાન છે અને નિરુદ્ધ ચિત્તની ભૂમિ સ્વરૂપ જે નિરોધ છે, તેના સંસ્કારનો અનુક્રમે જે તિરોભાવ અને પ્રાદુર્ભાવ છે; તે અહીં નિરોધસ્વરૂપ પરિણામ છે. વર્ત્તમાન માર્ગની અભિવ્યક્તિ : એ અહીં પ્રાદુર્ભાવ છે અને પોતાનું કાર્ય કરવાના સામર્થ્યનો અભાવ : એ અહીં સંસ્કારનો તિરોભાવ છે.

ચિત્તની વૃત્તિઓ અને ચિત્તં એ બંન્ને અભિન્ન હોવાથી વૃત્તિઓનો નિરોધ હોવા છતાં વૃત્તિમય ચિત્તના નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી પ્રશાંતવાહિતાની પ્રાપ્તિ થાય છે- એમ વર્ણવ્યું છે. પાતંજલયોગસૂત્ર(૩-૧૦)માં એ પ્રમાણે વર્ણવતાં જણાવ્યું છે કે 'નિરોધજન્ય સંસ્કારથી ચિત્તની પ્રશાંતવાહિતાનો લાભ થાય છે. આ નિરોધ શું છે ? એવી શઙ્કાનું સમાધાન શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવ્યું છે, જેનો આશય ઉપર જણાવ્યો છે. વ્યુત્થાન-સંસ્કારોની અતીત અવસ્થા (સ્વકાર્ય કરવાની અસમર્થતા) અને નિરોધસંસ્કારની વર્ત્તમાનતા સ્વરૂપ ચિત્તનો નિરોધ-પરિણામ

છે. ક્ષણે ક્ષણે ત્રિગુણાત્મક ચિત્તની ચંચળતા હોવા છતાં પૂર્વાપર ક્ષણમાંના પરિણામોના અભાવમાં પણ બંન્ને ક્ષણોમાં ચિત્તનો સંબંધ હોય છે જ. આવા પ્રકારની ચિત્તની સ્થિરતાને લઈને ચિત્તના નિરોધ-પરિણામનો વ્યવહાર થાય છે. ક્ષણે ક્ષણે જે ચિત્તમાંથી વ્યુત્થાન-સંસ્કારોનું નિર્ગમન અને નિરોધજન્ય સંસ્કારોનો પ્રવેશ છે; તે સ્વરૂપ અહીં ચિત્તનો નિરોધ-પરિણામ છે. આ વાતને જણાવતાં પાતંજલયોગસૂત્ર(૩-૯)માં જણાવ્યું છે કે- 'વ્યુત્થાન અને નિરોધના સંસ્કારોનો અનુક્રમે જે અભિભવ અને પ્રાદુર્ભાવ છે, તેને નિરોધસ્વરૂપ ચિત્તસંબંધાત્મક નિરોધપરિણામ કહેવાય છે...' ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. આ સ્થાને સાતમા ગુણસ્થાનકની અને સામર્થ્ય-યોગની અવસ્થાનું અનુસંધાન કરવાથી ઉપર્યુક્ત પદાર્થને સમજવાની થોડી અનુકૂળતા થશે. ॥૨૪-૨૩॥

***

નિરોધપરિણામનું વર્ણન કરીને પ્રસઙ્ગથી સમાધિ-પરિણામનું વર્ણન કરાય છે-

**सर्वार्थतैकाग्रतयोः, समाधिस्तु क्षयोदयौ ।**
**तुल्यावेकाग्रता शान्तोदितौ च प्रत्ययाविह ॥२४-२४॥**

''સર્વાર્થતા અને એકાગ્રતાનો અનુક્રમે ક્ષય અને ઉદય સ્વરૂપ સમાધિ-પરિણામ છે. આ દર્શનમાં એકસરખા શાંત

અને ઉદિત જે પ્રત્યયો છે તેને એકાગ્રતા કહેવાય છે.''- આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે ચિત્ત ચંચળ હોવાથી અનેક પ્રકારના અર્થનું ગ્રહણ કરવા સ્વરૂપ તેની સર્વાર્થતા છે, જે ચિત્તનો વિક્ષેપ સ્વરૂપ ધર્મ છે અને કોઈ એક જ આલંબનમાં નિશ્ચલ વૃત્તિપ્રવાહે સ્થિરતા પ્રાપ્ત કરવાથી આલંબનમાં સમાન પરિણામ સ્વરૂપ એકાગ્રતા ચિત્તધર્મ છે. આમાંના સર્વાર્થતાધર્મનો અત્યંત અભિભવ(તિરોધાન), સર્વાર્થતાના ક્ષય સ્વરૂપ છે અને એકાગ્રતાની અભિવ્યક્તિ સ્વરૂપ એકાગ્રતાનો ઉદય છે. આવા ક્ષય અને ઉદયને સમાધિ કહેવાય છે, જેને ઉદ્રિક્ત સત્ત્વથી યુક્ત ચિત્તના સંબંધી રૂપે અવસ્થિત સમાધિ-પરિણામ કહેવાય છે. આ વાતને જણાવતાં પાતંજલ યોગસૂત્રમાં જણાવ્યું છે ''**सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः**'' ।।૩-૧૧।। એનો અર્થ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે કે ચિત્તની સર્વાર્થતા(વિક્ષિપ્તતા) અને એકાગ્રતાનો અનુક્રમે નાશ અને પ્રાદુર્ભાવ થવો એ સમાધિ-પરિણામ કહેવાય છે.

પૂર્વે વર્ણવેલા નિરોધ-પરિણામમાં અને અહીંના સમાધિ-પરિણામમાં એ વિશેષતા છે કે નિરોધ-પરિણામમાં વિક્ષેપનો અભિભવ માત્ર હોય છે અને અહીં સમાધિ-પરિણામમાં તેનો(વિક્ષેપનો) ક્ષય હોય છે. અર્થાદ્ પૂર્વે નિરોધ-પરિણામ સ્થળે વિક્ષેપનો માત્ર અભિભવ હતો (તિરોધાન હતું), અહીં સમાધિ-પરિણામમાં વિક્ષેપનો

અત્યંત ક્ષય થવાથી તેની ઉત્પત્તિ જ થતી નથી, જેથી તેનો અતીતમાર્ગમાં પ્રવેશ થાય છે અર્થાત્ તેનો ક્ષય થાય છે.

આ પાતઞ્જલદર્શનમાં એકસ્વરૂપવાળા આલંબનના કારણે એકસરખા શાંત અને ઉદિત પ્રત્યયને એકાગ્રતા કહેવાય છે. અતીતાધ્વપ્રવિષ્ટ પ્રત્યય શાંતપ્રત્યય છે અને વર્ત્તમાનમાર્ગપ્રવિષ્ટ(સ્ફુરિત) પ્રત્યય ઉદિતપ્રત્યય છે. અર્થાદ્ ઉપર જણાવ્યા મુજબ વિક્ષિપ્તતાધર્મનો ક્ષય થવાથી શાંતપ્રત્યય અને ઉદિતપ્રત્યય : બંન્ને એકસરખા થઈ જાય છે; તેને એકાગ્રતા કહેવાય છે, જે સમાધિયુક્ત ચિત્તનો ધર્મ છે. એ પ્રમાણે યોગસૂત્ર(૩-૧૨)માં જણાવ્યું છે. એનો આશય એ છે કે વિક્ષિપ્તતાધર્મનો ક્ષય થવાથી; જે ભૂત-વર્ત્તમાન(શાંત-ઉદિત) પ્રત્યયો એકસરખા થઈ જાય તેને ચિત્તની એકાગ્રતા કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સમાધિસ્વરૂપ પરિણામ સ્થળે એ પૂર્વે સમાધિયુક્ત ચિત્તનો જે પ્રત્યય ઉદિત થઈ શાંત થયો હતો તેના જેવો જ એવો પ્રત્યય પાછળથી ઉત્પન્ન થાય છે, તેનાથી તે પ્રત્યય જુદો નથી. એ બંન્ને પ્રત્યયો વખતે ચિત્તસ્વરૂપ ધર્મી અનુગત હોય છે... ઈત્યાદિ ભણાવનાર પાસેથી જાણી લેવું જોઈએ.

''આ રીતે શાંત અને ઉદિત પ્રત્યય સ્વરૂપ એકાગ્રતા માનવાથી ચિત્તમાં અન્વય(સંબંધ, ઉદિત પ્રત્યયનો સદ્ભાવ) અને વ્યતિરેક(અભાવ-સંબંધાભાવ, શાંત

પ્રત્યય)-આ વિરુદ્ધ ધર્મોનો એક ચિત્તમાં સમાવેશ સંભવિત નથી.''-આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે લોકમાં પણ ધર્મસ્વરૂપ અવસ્થાઓના પરિણામો દૃષ્ટિગોચર થાય છે. કહેવાનો આશય એ છે કે-માટી(મૃત્તિકા)સ્વરૂપ ધર્મી, પોતાના પિંડસ્વરૂપ ધર્મનો ત્યાગ કરીને ઘટસ્વરૂપ ધર્માંતરનો(બીજા ધર્મનો) સ્વીકાર કરે છે. આ રીતે એક જ ધર્મીમાં ધર્મપરિણામ જોવા મળે છે. લક્ષણપરિણામ એ છે કે જેમ તે જ ઘટ, અનાગતાધ્વનો(ભવિષ્યદવસ્થાનો) પરિત્યાગ કરીને વર્ત્તમાનાધ્વનો(વર્ત્તમાનાવસ્થાનો) સ્વીકાર કરે છે અથવા વર્ત્તમાનાધ્વનો પરિત્યાગ કરીને અતીતાધ્વનો સ્વીકાર કરે છે અને અવસ્થાપરિણામ, તે ઘટનો જ પ્રથમ અને દ્વિતીય ક્ષણનો જે પરિણામ છે (જે પ્રાચીન અને અર્વાચીન અવસ્થા સ્વરૂપ છે) તે બંન્ને સમાન ક્ષણમાંના સંબંધ સ્વરૂપ છે.

ચંચળ એવી સત્ત્વ રજસ્ અને તમસ્ સ્વરૂપ ગુણોની વૃત્તિઓનું ગુણપરિણમન(ધર્મસ્વરૂપે પરિણમન), શાંત અને ઉદિત એવા શક્તિસ્વરૂપે બધે રહેલા ધર્મ હોતે છતે સર્વાત્મકત્વની જેમ જેનો વ્યપદેશ થતો નથી એવા તે ધર્મો; ધર્મીથી કથઞ્ચિદ્ ભિન્ન હોવાથી તેનાથી સંબદ્ધ ધર્મીની જેમ દેખાય છે. આશય એ છે કે સર્વત્ર ધર્મો શક્તિસ્વરૂપે તે તે ધર્મીમાં રહેલા છે. વસ્તુનું સ્વરૂપ એ રીતે સર્વાત્મક છે. પરંતુ તેનો વ્યપદેશ-વ્યવહાર થતો ન હોવાથી તે ધર્મોને અવ્યપદેશ(અવ્યપદેશ્ય) કહેવાય છે. તે તે ધર્મો

જ્યારે પણ પરિણામ પામે છે ત્યારે ધર્મીનો સંબંધ હોય છે. કથંચિદ્ ભિન્ન ધર્મો હોય ત્યારે તેનું વિપરિણમન ધર્મી જેવું દેખાય છે. દા.ત. માટીનો પિંડ અને ઘટાદિમાં માટી, પ્રત્યેક ક્ષણે અન્ય અન્ય સ્વરૂપે રહેલી હોવાથી તે સ્વરૂપ જ ધર્મોના વિપરિણામોમાં ભેદ છે.

એ પરિણામોમાં કેટલાક પરિણામો પ્રત્યક્ષપ્રમાણથી જ જણાય છે. દા.ત. સુખ, દુઃખ વગેરે પરિણામો અને સંસ્થાન વગેરે પરિણામો. કેટલાંક કર્મ સંસ્કાર અને શક્તિ સ્વરૂપ પરિણામો અનુમાનથી ગમ્યમાન છે. એ પરિણામો જેના છે તે ધર્મી, પરિણામથી કથંચિદ્ ભિન્નાભિન્નરૂપે તે તે પરિણામોમાં સર્વત્ર અનુગત(સંબદ્ધ) છે; તેથી કોઈ દોષ નથી.

આ વિષયમાં પાતંજલયોગસૂત્રમાં (૩-૧૩, ૧૪, ૧૫) જણાવ્યું છે કે-''ચિત્તની પરિણતિનું કથન કરવાથી ભૂત(પૃથ્વ્યાદિ) અને ઈન્દ્રિયોના ધર્મપરિણામ, લક્ષણ-પરિણામ અને અવસ્થાપરિણામોનું નિરૂપણ કરાયું છે.''(૩-૧૩) આશય એ છે કે ધર્મી વિદ્યમાન હોવા છતાં પૂર્વ ધર્મના તિરોભાવપૂર્વક બીજા ધર્મનો જે પ્રાદુર્ભાવ, તેને ધર્મપરિણામ કહેવાય છે. વિદ્યમાન ધર્મોના અનાગતાદિ કાલનો ત્યાગ કરવા પૂર્વક વર્ત્તમાનકાલતાદિનો લાભ થવા સ્વરૂપ લક્ષણપરિણામ છે અને વિવક્ષિત વર્ત્તમાન ધર્મની પ્રબળતા અને તેનાથી અન્ય ધર્મની વર્ત્તમાનમાં જે દુર્બળતા હોય છે તેને અવસ્થાપરિણામ કહેવાય છે. ચિત્તના વ્યુત્થાન

અને નિરોધસ્વરૂપ ધર્મને આશ્રયીને ચિત્તના ધર્મપરિણામાદિ ત્રણનું નિરૂપણ કરવાથી પૃથ્વ્યાદિ ભૂતો અને ઈન્દ્રિયોના પણ તે તે પરિણામોનું નિરૂપણ થયેલું છે જ. કારણ કે એ સમજવાનું સહેલું છે. વસ્તુમાત્રની ત્રિગુણાત્મકતાનું પરિભાવન કરવાથી એ સમજી શકાય છે.

ધર્મપરિણામાદિ જે ધર્મીના છે તેનું સ્વરૂપ વર્ણવતાં જણાવ્યું છે કે "શાંત, ઉદિત અને અવ્યપદેશ્ય ધર્મના અનુપાતીને(સંબંધીને) ધર્મી કહેવાય છે." આશય એ છે કે વસ્તુમાત્રમાં ભૂત વર્ત્તમાન અને ભવિષ્યદ્ ધર્મો હોય છે. મૃત્તિકાની વર્ત્તમાન પિંડાવસ્થા વખતે ચૂર્ણાવસ્થા અતીત (ભૂત-શાંત)રૂપે હોય છે અને ઘટાવસ્થા અનાગત (અવ્યપદેશ્ય-ભવિષ્યદ્)સ્વરૂપે હોય છે. જ્યારે પિંડાવસ્થા ઉદિત છે-આ રીતે મૃત્તિકા સ્વ-સ્વરૂપે સર્વત્ર વિદ્યમાન હોવાથી તેને ધર્મી કહેવાય છે. (૩-૧૪) આ રીતે એક ધર્મીના અનેક ધર્મો(પરિણામ) હોય છે. તેનું કારણ જણાવતાં વર્ણવાયું છે કે, "પરિણામોના ભેદમાં ક્રમનો ભેદ કારણ છે." (૩-૧૫) આશય સ્પષ્ટ છે કે પ્રથમ માટીનો ચૂર્ણસ્વરૂપે પરિણામ થાય છે. ત્યાર પછી પિંડસ્વરૂપ પરિણામ થાય છે અને ત્યાર પછી ઘટસ્વરૂપે પરિણામ થાય છે. ઘટનો નાશ થાય એટલે અનુક્રમે ઠીકરા અને કણસ્વરૂપ પરિણામ વગેરે પરિણામ થાય છે. આ રીતે ક્રમવિશેષના કારણે તે તે પરિણામોમાં ભેદ જોવા મળે છે, જે સર્વજનસિદ્ધ છે... ઈત્યાદિ પાતંજલયોગસૂત્રના

જાણકારો પાસેથી વ્યવસ્થિત રીતે સમજી લેવું જોઈએ. અહીં તો પ્રકૃતોપયોગી અંશનું જ વર્ણન કર્યું છે, જે ગ્રંથના પરમાર્થને સમજાવવા માટે પૂરતું છે. ॥૨૪-૨૪॥

***

આ પ્રભાદષ્ટિને જે કારણે સત્પ્રવૃત્તિપદાવહા કહેવાય છે, તે કારણનું વર્ણન કરાય છે-

**अस्यां व्यवस्थितो योगी, त्रयं निष्पादयत्यदः ।**

**ततश्चेयं विनिर्दिष्टा, सत्प्रवृत्तिपदावहा ॥२४-२५॥**

"શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે **ध्यानसारा प्रभा**...આ (૧૭) શ્લોકમાં પ્રભાદષ્ટિને 'સત્પ્રવૃત્તિપદાવહા' સ્વરૂપે વર્ણવી છે. એનું જે કારણ છે તે જણાવવા માટે આ શ્લોક છે. આ સાતમી પ્રભાદષ્ટિમાં રહેલા યોગી નિરોધ, સમાધિ અને એકાગ્રતા : આ ત્રણને સાધે છે. તેથી આ દષ્ટિને સત્પ્રવૃત્તિપદને વહન કરનારી કહેવાય છે. કારણ કે નિરોધાદિની સાધનાથી બધી રીતે પ્રશાંતવાહિતાની (જુઓ શ્લો.નં. ૨૨) જ સિદ્ધિ થાય છે, જે અસઙ્ગાનુષ્ઠાન સ્વરૂપ છે... ઈત્યાદિ આ પૂર્વે જણાવ્યું છે. ॥૨૪-૨૫॥

***

હવે આઠમી પરાદષ્ટિનું વર્ણન કરાય છે-

**समाधिनिष्ठा तु परा, तदासङ्गविवर्जिता ।**

**सात्मीकृतप्रवृत्तिश्च, तदुत्तीर्णाशयेति च ॥२४-२६॥**

"સમાધિથી યુક્ત અને સમાધિના આસઙ્ગથી રહિત પરાદષ્ટિ છે. તેમાં પ્રવૃત્તિ આત્મસાત્ થયેલી હોય છે. તેમ જ કોઈ પ્રવૃત્તિ કરવાના આશયથી એ ઉત્તીર્ણ(રહિત) હોય છે."-આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે યમ-નિયમાદિ આઠ યોગનાં અઙ્ગોમાંથી છેલ્લા આઠમા 'સમાધિ'અઙ્ગની પ્રાપ્તિ થાય છે, તેથી આ પરાદષ્ટિ સમાધિનિષ્ઠ(સમાધિથી આસક્ત-વ્યાપ્ત) કહેવાય છે. હવે પછી સમાધિનું સ્વરૂપ વર્ણવાશે.

ખેદ, ઉદ્વેગાદિ યોગબાધક આઠ દોષોમાંનો આસઙ્ગ નામનો આઠમો દોષ પણ આ દષ્ટિમાં ન હોવાથી સમાધિ; આસઙ્ગથી રહિત હોય છે. પ્રાપ્ત થયેલા તે તે ગુણસ્થાનકને જ સારા માનવાથી ઉત્તરોત્તર ગુણસ્થાનકને પ્રાપ્ત કરવાનું અશક્ય બનાવવાનું કાર્ય આસઙ્ગદોષ કરે છે. 'આ જ અનુષ્ઠાન સરસ છે.' આવા પ્રકારની બુદ્ધિને આસઙ્ગ-અભિષ્વઙ્ગ કહેવાય છે. આવી બુદ્ધિના કારણે બહુ બહુ તો તે અનુષ્ઠાન સુરક્ષિત રહે છે. પરંતુ તેથી ઉત્તરોત્તર વિશુદ્ધ અનુષ્ઠાનની પ્રાપ્તિ થતી નથી. આ સ્થિતિમાં સાધકને ઈષ્ટ સ્થાને પહોંચવાનું શક્ય બનતું નથી. તેથી એક રીતે વિચારીએ તો પૂર્વે કરેલી સાધના નિરર્થક બની જાય છે. પ્રવૃત્તિની સાર્થકતા ઈષ્ટની પ્રાપ્તિથી છે. અધવચ્ચે અટકી જવામાં નથી-એ વાતને આ દષ્ટિમાં સારી રીતે સમજી શકાય છે.

આ દષ્ટિમાં આસઙ્ગદોષથી રહિત પ્રવૃત્તિ હોવાથી તે

આત્મસાત્ થયેલી હોય છે. ચંદનનો ગંધ જેમ એકરૂપ થયેલો હોય છે; તેમ અહીં આત્માની સાથે (પરિણામની સાથે) બધી રીતે એકરૂપ થયેલી પ્રવૃત્તિ હોય છે. સર્વથા વિશુદ્ધ(ઈચ્છામાત્રથી રહિત) હોવાથી 'એ પ્રવૃત્તિ કરવી છે'... ઈત્યાદિ સ્વરૂપ અધ્યવસાય પણ હોતો નથી. તેથી પ્રવૃત્તિવાસક(પ્રયોજક) એવા ચિત્તનો અભાવ હોય છે. તેને લઈને અહીં પ્રવૃત્તિ, પ્રવૃત્તિના આશયથી ઉત્તીર્ણ (રહિત) હોય છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૪-૨૬॥

***

સમાધિસ્વરૂપ યોગાઙ્ગનું નિરૂપણ કરાય છે-

**स्वरूपमात्रनिर्भासं, समाधि र्ध्यानमेव हि ।**
**विभागमनतिक्रम्य, परे ध्यानफलं विदुः ॥२४-२७॥**

''સ્વરૂપમાત્રનો નિર્ભાસ જેમાં છે એવા ધ્યાનને જ સમાધિ કહેવાય છે. અષ્ટાઙ્ગ યોગ છે-આ પ્રમાણેના યોગના વિભાગને આશ્રયીને ધ્યાનના ફળને કેટલાક વિદ્વાનો સમાધિ કહે છે.''-આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ધ્યાનવિશેષ જ સમાધિ છે અને જ્ઞાનવિશેષસ્વરૂપ ધ્યાન છે. ગ્રાહ્ય(જ્ઞાનના વિષય) અર્થના ગ્રહણથી ભૂતાર્થ(વિષયાકાર) સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ છે તે સ્વરૂપ વિશેષ ધ્યાન છે. ધ્યાનમાં જ્ઞાન અને જ્ઞેય(ધ્યેય)નો પ્રતિભાસ હોય છે; પરંતુ જ્યારે અભ્યાસથી જ્ઞાનનું સ્વરૂપ તિરોહિત થવાથી માત્ર ધ્યેયનો જ પ્રતિભાસ થાય છે,

ત્યારે તે ધ્યાન જ સમાધિ કહેવાય છે. અર્થાદ્ ધ્યાન જ જ્યારે અભ્યાસથી પોતાના ધ્યાનાકારને છોડીને માત્ર ધ્યેયસ્વરૂપે પ્રકાશિત થાય છે, ત્યારે તે ધ્યાનને સમાધિ કહેવાય છે. આથી સમજી શકાય છે કે ધ્યાનમાં ધ્યેય તથા ધ્યાનનું ભાન હોય છે અને સમાધિમાં માત્ર ધ્યેયનો જ નિર્ભાસ હોય છે. અર્થાદ્ ધ્યેયના સ્વરૂપમાં અનુગત થયેલા ધ્યાનનું ધ્યેયસ્વરૂપે ભાન થાય છે. આ વાતને જણાવતાં યોગસૂત્રમાં (૩-૩માં) જણાવ્યું છે કે, "તે પૂર્વે વર્ણવેલું, અર્થ(ધ્યેય)માત્રના નિર્ભાસને કરનારું અને પોતાના ધ્યાનાકારસ્વરૂપથી શૂન્ય એવું જે ધ્યાન છે-તેને સમાધિ કહેવાય છે.

ઉપર જણાવ્યા મુજબ ધ્યાનવિશેષને સમાધિસ્વરૂપે વર્ણવવાથી અષ્ટાઙ્ગ યોગના વિભાગનું અતિક્રમણ થાય છે. કારણ કે સમાધિને ધ્યાનવિશેષસ્વરૂપ વર્ણવવાથી યોગનાં અઙ્ગ સાત જ થાય છે. તેથી યોગના વિભાગનું અતિક્રમણ ન થાય એ માટે કેટલાક બીજા યોગના જાણકારો ધ્યાનના ફળ સ્વરૂપે સમાધિને વર્ણવે છે, જે સમતાદિ સ્વરૂપ છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ.

॥૨૪-૨૭॥

***

સમાધિ, ધ્યાનવિશેષસ્વરૂપ હોવાથી પ્રભાદષ્ટિમાં અને પરાદષ્ટિમાં ખાસ ફરક હોય એવું ના લાગે, તેથી પ્રભા

દૃષ્ટિમાં અને પરાદૃષ્ટિમાં જે વિશેષતા છે-તે જણાવાય છે-

**निराचारपदो ह्यस्यामतः स्यान्नातिचारभाक् ।**
**चेष्टा चास्याखिला भुक्तभोजनाभाववन्मता ।।२४-२८।।**

"આ દૃષ્ટિમાં યોગીને અતિચારનો સંભવ નથી, તેથી અહીં યોગીને કોઈ વિશેષ આચાર હોતા નથી. આ દૃષ્ટિમાં યોગીની બધી જ ચેષ્ટા ભુક્તના ભોજનના અભાવ જેવી મનાય છે."-આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પરાદૃષ્ટિમાં, અતિચારના નિમિત્તભૂત સંજ્વલનના કષાયો નાશોન્મુખ હોવાથી અતિચાર લાગતા નથી. આઠમા ગુણસ્થાનાદિમાં પ્રાપ્ત આ દૃષ્ટિમાં યોગીઓ અતિચારથી રહિત હોય છે.

આ રીતે અહીં પરાદૃષ્ટિમાં અતિચારનો સંભવ જ ન હોવાથી પ્રતિક્રમણાદિસ્વરૂપ આચાર પણ હોતા નથી, તેથી અહીં નિરાચારપદના યોગી હોય છે. આમ છતાં અહીં જે કોઈ હિતકારિણી અને અહિતપરિહારિણી ચેષ્ટા દેખાય છે તે ભુક્તના ભોજનાભાવ જેવી મનાય છે. જેણે જમી લીધું છે તે જેમ ભોજન કરતો નથી, તેમ અહીં પણ તેવા પ્રકારની ચેષ્ટા હોવા છતાં તે નથી એમ જ મનાય છે. કારણ કે જ્ઞાનાદિ આચારથી ખપાવવા યોગ્ય કર્મોનો અહીં અભાવ છે. લગભગ અહીં કર્મો ક્ષીણ થયેલાં હોય છે. તેથી જમી લીધેલા માણસોને જેમ જમવાની જરૂર નથી હોતી તેમ અહીં ભુક્તપ્રાય(જમી લીધેલાની જેમ) યોગી

હોવાથી તેમને આચારથી કોઈ ફળવિશેષની સિદ્ધિ થતી નથી. કારણ કે ભોજન કરી લીધેલું હોવાથી તેની ઈચ્છા જેમ નાશ પામે છે અને તેથી તેને ભોજનનું કોઈ પ્રયોજન રહેતું નથી તેમ જ અહીં પણ પૂર્વ કાળે કરેલા આચારથી કર્મોનો લગભગ નાશ થયો હોવાથી યોગીને આચારનું કોઈ પ્રયોજન નથી. ॥૨૪-૨૮॥

***

ઉપર જણાવ્યા મુજબ આઠમી દૃષ્ટિમાં આચારનું પ્રયોજન ન હોય તો પછી ભિક્ષાટન વગેરે આચાર અહીં કેમ હોય છે, આ શંકાનું સમાધાન કરાય છે-

**रत्नशिक्षादृगन्या हि, तन्नियोजनदृग् यथा ।**
**फलभेदात् तथाचारक्रियाप्यस्य विभिद्यते ॥२४-२९॥**

"રત્નનો અભ્યાસ કરનાર માણસની રત્ન જોવાની દૃષ્ટિથી જેમ રત્નની પરીક્ષામાં નિપુણ માણસની દૃષ્ટિમાં ભેદ હોય છે, તેમ અહીં પણ ફળના ભેદના કારણે ભિક્ષાટનાદિની ક્રિયા પૂર્વેની એ ક્રિયાથી જુદી છે."-આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે રત્નોનું જ્ઞાન મેળવવાની જેમને ઈચ્છા હોય છે, તેવા લોકો જ્યારે તેનો અભ્યાસ કરતા હોય ત્યારે રત્નને જોવાની દૃષ્ટિ કરતાં; રત્નનો વ્યાપાર કરતી વખતે જે દૃષ્ટિ હોય છે, તેમાં ફરક હોય છે. અભ્યાસકાળમાં સાચા ખોટાનો ભેદ પારખવાનું તાત્પર્ય હોય છે અને રત્નના નિયોજન

(વ્યાપાર) કાળમાં તેના મૂલ્યને પારખવાનું તાત્પર્ય હોય છે. એમ અહીં આઠમી દૃષ્ટિ પ્રાપ્ત થવાની પૂર્વેની અને આઠમી દૃષ્ટિ પ્રાપ્ત થયા પછીની ભિક્ષાટનાદિની ક્રિયામાં પણ ભેદ છે. કારણ કે આ દૃષ્ટિ પ્રાપ્ત થતાં પૂર્વે ભિક્ષાટનાદિની ક્રિયાથી કષાયપ્રત્યયિક બદ્ધ કર્મોનો (ઘાતી કર્મોનો) ક્ષય થતો હતો અને હવે આ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી ભવોપગ્રાહી(અઘાતી) કર્મોનો ક્ષય થાય છે. આ રીતે ફળની વિશેષતાના કારણે તે તે ભિક્ષાટનાદિની ક્રિયામાં વિશેષતા છે... ઈત્યાદિ 'યોગદૃષ્ટિ એક પરિશીલન'થી બરાબર સમજી લેવું. ॥૨૪-૨૯॥

***

रत्नशिक्षादृगन्या...ઈત્યાદિ શ્લોકથી વર્ણવેલા આશયને સ્પષ્ટ કરાય છે-

**कृतकृत्यो यथा रत्ननियोगाद्रत्नविद् भवेत् ।**
**तथायं धर्मसन्न्यासविनियोगान्महामुनिः ॥२४-३०॥**

"જેમ રત્નના જાણકાર રત્નના નિયોગથી કૃતકૃત્ય થાય છે, તેમ આ પરાદૃષ્ટિમાં રહેલા મહામુનિ ધર્મસન્ન્યાસ યોગના વિનિયોગથી કૃતકૃત્ય થાય છે."-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે રત્નની જાતિ, તેના સામર્થ્ય અને તેના મૂલ્ય આદિના જાણકારો જેમ પોતાની ઈચ્છા મુજબ વ્યાપાર કરવાથી કૃતકૃત્ય બને છે; અર્થાદ્ ભવિષ્યમાં એવી કોઈ અપેક્ષા

રહેતી નથી તેમ અહીં પ્રણ બીજા અપૂર્વકરણે (આઠમા ગુણસ્થાનકે) રહેલા મહામુનિઓ પણ ધર્મસન્ન્યાસયોગના વિનિયોગથી(પ્રયોગ-વ્યાપારથી) કૃતકૃત્ય થાય છે. કારણ કે ત્યાર પછી તેઓશ્રીને કોઈ પણ કાર્ય કરવાનું રહેતું નથી. ક્ષમાદિ ક્ષયોપશમભાવના ધર્મોનો સર્વથા ત્યાગ જેમાં છે, તેને ધર્મસન્ન્યાસયોગ કહેવાય છે, જે સામર્થ્યયોગ દરમ્યાન હોય છે. બારમા ગુણસ્થાનકના અંતે યોગી ક્ષયોપશમભાવના સઘળા ય ધર્મોનો ત્યાગ કરી કૃતકૃત્ય બને છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ।।૨૪-૩૦।।

***

ધર્મસન્ન્યાસયોગથી પ્રાપ્ત થનારા ફળનું વર્ણન કરાય છે-

**केवलश्रियमासाद्य, सर्वलब्धिफलान्विताम् ।**
**परंपरार्थं सम्पाद्य, ततो योगान्तमश्नुते ।।२४-३१।।**

"ત્યાર બાદ સર્વ પ્રકારની લબ્ધિઓથી યુક્ત એવી કૈવલ્યલક્ષ્મીને પ્રાપ્ત કરી અને બીજા જીવોને શ્રેષ્ઠ અર્થને પ્રાપ્ત કરાવીને યોગની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે."-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે ધર્મસન્ન્યાસયોગના પ્રયોગથી યોગીજનો સર્વ પ્રકારની લબ્ધિઓથી યુક્ત એવી કેવલજ્ઞાનસ્વરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. કોઈ પણ પ્રકારની ઉત્સુકતાનો આઠમી દૃષ્ટિમાં અભાવ હોવાથી દરેક પ્રકારની લબ્ધિઓ પ્રગટે છે. પરંતુ વૈરાગ્યાદિ

ગુણોને લઈને સર્વથા ઔત્સુક્યથી પરિવર્જિત યોગીજનો માત્ર આત્મરમણતામાં લીન હોય છે, તેથી કૈવલ્યાવસ્થાને તેઓ પ્રાપ્ત કરે છે. આમ છતાં તેઓશ્રી દેશના દ્વારા બીજાઓને તેમની યોગ્યતા મુજબ શ્રેષ્ઠ એવાં સમ્યદર્શન, દેશવિરતિ અને સર્વવિરતિ આદિ સ્વરૂપ પરાર્થને પ્રાપ્ત કરાવે છે અને ત્યાર બાદ યોગાંતને(શૈલેશી અવસ્થાને) તેઓશ્રી પ્રાપ્ત કરે છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૪-૩૧॥

***

શૈલેશી અવસ્થાનું (યોગાંતનું) ફળ વર્ણવાય છે-

**तत्रायोगाद् योगमुख्याद्, भवोपग्राहिकर्मणाम् ।**
**क्षयं कृत्वा प्रयात्युच्चैः, परमानन्दमन्दिरम् ॥२४-३२॥**

''યોગાંતે મનોયોગાદિના અભાવ સ્વરૂપ (નિરોધ સ્વરૂપ) સર્વોત્કૃષ્ટ યોગથી ભવોપગ્રાહિ કર્મોનો ક્ષય કરી લોકના અંતે રહેલા પરમાનંદના આશ્રયભૂત મોક્ષે યોગીજનો પ્રયાણ કરે છે.''-આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે.

શૈલેશી અવસ્થામાં સર્વોત્કૃષ્ટ યોગની પ્રાપ્તિ થાય છે, જે મન વચન અને કાયાના વ્યાપારના નિરોધ રૂપ છે. યોગના અંતે મનોયોગાદિનો કોઈ વ્યાપાર(પ્રયોગ-ઉપયોગ) હોતો નથી, તેથી અયોગસ્વરૂપ સર્વોત્કૃષ્ટ યોગની પ્રાપ્તિથી ભવોપગ્રાહિ(આયુષ્ય નામ ગોત્ર અને વેદનીય)-ચાર અઘાતિ કર્મોનો ક્ષય થાય છે અને તેથી સર્વથા કર્મથી

રહિત એવા યોગી લોકાકાશના અંતભાગમાં પરમાનંદના મંદિરભૂત મોક્ષને પ્રાપ્ત કરે છે. અંતે આ બત્રીશીના પરિશીલનાદિથી આપણે સૌ પરમાનંદના મંદિરે પ્રયાણ કરીએ એ જ એક શુભાભિલાષા. ॥૨૪-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां सद्दृष्टिद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

લેખક :

શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાલા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫